|| શ્રી આદિનાથાય નમઃ || || શ્રી સંભવનાથાય નમઃ || || શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ ||
|| સિરસા વંદે મહાવીરં || નમો લોએ સવ્વસાહુણં ||

# સુશીલતા કોર્સ

## [ Level - 5 (For Girls Only) ]

।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# શીલ

## પુરુષથી પરમ પુરુષ સુધી

પરમ પાવન શ્રી પ્રશ્નવ્યાકરણ આગમ અંતર્ગત
શ્રી સુધર્માસ્વામી ભગવાનની વાણી

**પ્રિયમ્**

અહો શ્રુતમ્
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
મહા, વિ. ૨૦૭૫

# ✲ પંથ પરમ બ્રહ્મનો ✲

પુરુષ એટલે
ઘર-સંસાર-રાગ-દ્વેષ-અઢાર પાપસ્થાનક
અને ભયાનક ભવભ્રમણ.

પરમ પુરુષ
એટલે સર્વજ્ઞતા-વીતરાગતા-અક્ષયઆનંદ
અને પરમસુખમય મોક્ષ.

**શીલ**
**એ પુરુષથી પરમ પુરુષ સુધીની યાત્રા છે.**
પુરુષનો રાગ ત્યાં સુધી જ છે
જ્યાં સુધી પુરુષનો પર્દાફાશ નથી થયો.
જે સુખનો સ્રોત લાગે છે,
તે જાણે કે અજાણે - ઈચ્છાએ કે અનિચ્છાએ
કેવી રીતે દુઃખનો સ્રોત બનતો આવ્યો છે ને આ જ મૂઢતાએ
આ જીવના અનંતભવોને કેવા ખાનાખરાબ કરી દીધા છે
એ સમજાય
તો પુરુષનો રાગ એક જ ક્ષણમાં વિરાગમાં પરિણમી જાય.

**જે ગધેડીના ને કૂતરીના ભવમાં કર્યું હતું, તે કરવા માટે આ ભવ નથી.**
**આ ભવ અનંત ભવચક્રમાં જે નથી મળ્યા**
**એ ઉચ્ચ ધ્યેયોને સર કરવા માટે છે.**

જરા મન શાંત કરો, સ્વસ્થ કરો,
'સત્ય'ને પામવાની તરસ ઊભી કરો
અને વાંચો
**શીલ.**
પુરુષથી પરમ પુરુષ સુધી.

રાજગૃહી નગરી
હવે વધુ ને વધુ દૂર થઈ રહી છે.
રસ્તાની ધૂળ પર એક પ્રભાવશાળી વ્યક્તિના પગલા પડી રહ્યા છે.
ને પાછળ બીજા સેંકડો પગલા પડી રહ્યા છે.
પહેલા પગલામાં પ્રભાવ વર્તાઈ રહ્યો છે
ને પાછળના બધાં જ પગલામાં પ્રભાવિતતા વર્તાઈ રહી છે.

**સદ્ગુરુનો અર્થ છે પ્રભાવ.**
**શિષ્યનો અર્થ છે પ્રભાવિતતા.**
**સદ્ગુરુનો અર્થ છે પ્રકાશ.**
**શિષ્યનો અર્થ છે પ્રકાશિતતા.**
**સદ્ગુરુનો અર્થ છે આલંબન.**
**શિષ્યનો અર્થ છે આલંબિતતા.**
**સદ્ગુરુનો અર્થ છે ઉંચાઈ.**
**શિષ્યનો અર્થ છે આરોહણ.**

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી ભગવાન
રાજગૃહી નગરીથી વિહાર કરીને
તેના ઉપનગરમાં પધારી રહ્યા છે.
સૂરજનો સોનેરી પ્રકાશ
આખા ય રસ્તે રંગોળી કરી રહ્યો છે.
પંખીઓનો મધુર કલરવ
જાણે આવો પધારો કહીને સ્વાગત કરી રહ્યા છે.
પથિકો રસ્તાની બંને બાજુ ઊભા રહીને
મંત્રમુગ્ધ થઈને જોઈ રહ્યા છે.
હાથ જોડાઈ ગયા છે
ને શ્રામણ્યની અસ્મિતા એમના અંતર પર
ઊંડી... ખૂબ ઊંડી છાપ પાડી રહી છે.

ઉપનગર હવે દેખાવા લાગ્યું છે
વધુ ને વધુ નજીક આવી રહ્યું છે.
વધુ ને વધુ સ્પષ્ટ થઈ રહ્યું છે.
બસ, હમણા આવ્યું જ સમજો
ને આ શું ?
ત્યાંના સંઘના હજારો માણસો
નગરના દ્વારે આવીને ઊભા છે.
એમની આંખની પ્યાસના પારણા થયા છે
એક એક આંખે અહોભાવના અશ્રુના તોરણ બંધાયા છે.
પ્રભુ વીરના પ્રથમ પટ્ટધર
એમના વિશાળ પરિવાર સાથે આજે આપણા
આંગણાને પાવન કરશે
આ કલ્પના એમના રોમ રોમને ટટ્ટાર કરી રહી છે.
એમની અંતરની ઉર્મિઓ
અને વાજિંત્રોની સુરાવલીઓ નૃત્ય કરી રહી છે.
પગલે પગલે પરમ શાસન પ્રભાવના થઈ રહી છે.
**અજૈનો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી રહ્યા છે.**
**હજારો હૈયા હિલોળે ચડ્યા છે.**
**સૌના અસ્તિત્વ પર એક જ નામ છવાયેલું છે –**
**સુધર્માસ્વામી.**
**શ્રુતકેવલી, દ્વાદશાંગીસ્રષ્ટા, સર્વલબ્ધિનિધાન.**
**પરમ તપસ્વી, પરમ બ્રહ્મચારી, પરમ સંયમી.**
**પરમ ગુણિયલ...**
આજે આખું ય ઉપનગર ગાંડું બન્યું છે.
સદ્ગુરુના આગમનથી ય મોટો ઉત્સવ બીજો તો કયો હોય.
જિનાલય આવી ગયું.
ચૈત્યવંદન કરીને સુધર્માસ્વામીજી વસતિના પટાંગણામાં પધાર્યા.

ચોધાર અશ્રુની ધારા સાથે
સૌએ એમની દેશનાનું અમૃત પાન કર્યું.
મહાત્માઓની અર્થમાંડલીનું પાવન દર્શન
અને ઊંડું મનોમંથન
આમાં કેટલીય મિનિટો પસાર થઈ ગઈ.
એ શું પામી ગયા ?
ને આપણે શું ખોઈ બેઠા ?
એ બંને પ્રશ્નોનો જવાબ એક સાથે મળી રહ્યો છે.
ભારે પગલે બધાએ વિદાય લીધી છે.
અર્થમાંડલીમાંથી એક મહાતેજસ્વી મહાત્મા ઊભા થયા છે.
હાથ જોડેલા છે.
મુખમુદ્રા પર અહોભાવનું સામ્રાજ્ય છવાયેલું છે.
આંખોમાં જિજ્ઞાસા તરવરી રહી છે.
સુધર્માસ્વામીજી તરફ એક એક પગલું એ ચાલી રહ્યા છે
ને એમનો આનંદ વાંભ વાંભ ઉછળી રહ્યો છે.
સદ્ગુરુને એ પ્રદક્ષિણા દઈ રહ્યા છે.
સૃષ્ટિક્રમે પ્રદક્ષિણા દેવાતી જાય છે
ને ભીતરની ગુણસૃષ્ટિ ઓર સમૃદ્ધ થતી જાય છે.
સદ્ગુરુને વંદન કરીને એમની અનુજ્ઞા લઈને
એ મહાત્મા પ્રશ્ન કરે છે -
“ગુરુદેવ ! બ્રહ્મચર્યનું સ્વરૂપ શું છે ?”
સુધર્માસ્વામી ભગવાનના હોઠ ફફડે છે
ને ગંભીર મધુર ધ્વનિના તરંગો
વાતાવરણમાં ગજબનું માધુર્ય ભરી દે છે.
“જંબૂ !”
સદ્ગુરુના શ્રીમુખે પોતાનું નામ સાંભળતાની સાથે
જંબૂસ્વામીજી રોમાંચિત થઈ જાય છે.

એમના કાન પાત્ર બને છે
ને સદ્ગુરુના ઉદ્ગારોનું અમૃત એમાં રેડાવા લાગે છે.

**जंबू !**

**एत्तो य बंभचेरं ।। प्रश्नव्याकरणसूत्र ।।**

*જંબૂ ! હવે હું તને બ્રહ્મચર્યનું સ્વરૂપ કહું છું.*
*તું ધ્યાનથી એને સાંભળ.*

**उत्तमतवणियमणाणदंसणचरित्तसम्मत्तविणयमूलं ।**

*ઉપવાસ વગેરે શ્રેષ્ઠ તપ હોવા એમનું મૂળ છે બ્રહ્મચર્ય.*
*પિંડવિશુદ્ધિ વગેરે શ્રેષ્ઠ નિયમ હોય એમનું મૂળ છે બ્રહ્મચર્ય.*
*શ્રેષ્ઠ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું મૂળ છે બ્રહ્મચર્ય.*
*અને શ્રેષ્ઠ વિનયનું પણ મૂળ છે બ્રહ્મચર્ય.*

**ब्रह्मचर्यवान् हि तपःप्रभृतीनुत्तमान् प्राप्नोति, नान्यथा ।**
**।। प्रश्नव्याकरणवृत्ति ।।**

*જેની પાસે વિશુદ્ધ બ્રહ્મચર્ય હોય*
*એ જ શ્રેષ્ઠ તપ વગેરેને પામી શકે, બીજા નહીં.*
*જેની પાસે મૂળ જ નહીં હોય*
*એની પાસે શાખા તો ક્યાંથી હોઈ શકે ?*
*બ્રહ્મ ખોવાનો અર્થ છે*
*બધું જ ખોવું.*

**जइ ठाणी जइ मोणी, जइ झाणी वक्कली तवस्सी वा ।**
**पत्थंतो य अबंभं, बंभा वि ण रोयए मज्झ ।।**

*લાંબા લાંબા કાયોત્સર્ગો કરનાર હોય,*
*કે કાયમી મૌન રાખનાર હોય,*
*જબરદસ્ત ધ્યાન કરનાર હોય કે વલ્કલ-વસ્ત્ર પહેરનાર હોય*
*અરે, ઘોર તપસ્વી પણ કેમ ન હોય ?*
*જો એને અબ્રહ્મ જોઈએ છે,*

*તો એ મને રુચતો નથી.*
*પછી એ ભલે ને ખુદ બ્રહ્મા ય કેમ ન હોય ?*
હકીકત એ છે
કે અબ્રહ્મ એ ભયાનક આગ છે
એમાં જે પડે છે એના
તપ-શ્રુત-મૌન-તિતિક્ષા - બધું જ
બળીને ખાખ થઈ જાય છે.
અબ્રહ્મનો અર્થ છે સળગતી ખુરશી પર બેસવું.
ને તમારું બધું જ રાખ કરવું.
અબ્રહ્મનો અર્થ છે જીવનભરની મૂડીની પોટલી
ચોરબજારમાં ફંગોળી દેવી...
અબ્રહ્મનો અર્થ છે ગળામાં મોટી શિલા બાંધવી
અને ભવસાગરમાં ડુબકી લગાવવી
અબ્રહ્મનો અર્થ છે અજગરના મોઢામાં જવું
ને ઘસઘસાટ ઉંઘી જવું.

**तो पढियं तो गुणियं तो मुणियं तो य चेइयो अप्पा ।**
**आवडियपेल्लियामंतिओ वि न कुणइ अकज्जं ।।**

*તો સાચું ભણ્યા*
*તો સાચું ગણ્યા*
*તો સાચું સમજ્યા*
*ને તો આત્માનું કંઈક સારું સમજ્યા*
*જો ખોટી જગ્યાએ જઈ ચડાયું હોય ત્યારે*
*કોઈએ ખરાબ પ્રેરણા કરી હોય ત્યારે*
*કે ભોગો ભોગવવાનું આમંત્રણ આવ્યું હોય ત્યારે*
*ખોટું કામ ન કરે.*
સૈનિક યુદ્ધનો અભ્યાસ કરે

તલવાર ધારદાર કરે
પોતાના શૌર્યની વાત કરે
એ બધાની પરીક્ષા ત્યારે થાય
કે જ્યારે શત્રુસેના ચડી આવી હોય,
ત્યારે જો એ પાછો ન પડે
તો એ બધું જ સાચું
ત્યારે જો એ પાછો પડે તો એ બધું જ ખોટું.

વેદોદયની પળ
એ આજ સુધીના સંયમ, તપ અને શ્રુતાભ્યાસની
કસોટી હોય છે.
પુરુષને સ્ત્રીની ઈચ્છા જાગી
કે સ્ત્રીને પુરુષની ઈચ્છા જાગી
હવે શું કરવામાં આવે છે
એના પરથી નક્કી થશે
કે હવે એમનું શું થશે.

**જિનાજ્ઞાનું શરણ લઈને એ ઈચ્છાને રફે-દફે કરી દેવાય,**
**તો સદ્‌ગતિ નિશ્ચિત છે.**
**એ ઈચ્છાના પક્ષે ઢળી જવાય**
**એ ઈચ્છાની પૂર્તિનો આગ્રહ રખાય**
**અને એ ઈચ્છાની પૂર્તિના જ પ્રયાસો કરાય**
**તો દુર્ગતિ નિશ્ચિત છે.**

સાધકને પ્રશ્ન થાય છે
કે આ વેદોદય શા માટે થાય છે ?
મેં વ્રત લીધું પછી આવું શા માટે ?
આનો અર્થ શું એવો નથી,
કે હજી મારે સંસાર ભોગવવાનો બાકી છે ?

આનો અર્થ શું એવો નથી,
કે હજી મારું ભોગાવલી કર્મ બાકી છે ?
આનો અર્થ શું એવો નથી,
કે મેં ભૂલથી વ્રત લઈ લીધું છે ?
આનો અર્થ શું એવો નથી,
કે મારે શરમ-સંકોચ છોડીને
મારી ભૂલ સુધારી લેવી જોઈએ ?
આનો અર્થ શું એવો નથી,
કે હવે મારે વ્રતમાં રહેવાનો કોઈ અર્થ જ નથી.
રહું તો ય બધું નિષ્ફળ છે ?
આનો અર્થ શું એવો નથી,
કે હું વ્રત માટે લાયક જ નથી ?
**આવા સાધકને પહેલો જવાબ આ છે**
**કે નવમા ગુણસ્થાનક સુધી**
**પ્રભુએ વેદમોહનીયનો ઉદય કહ્યો છે.**
**જો વેદોદય એ વ્રતની અયોગ્યતા હોય,**
**તો દશમા ગુણસ્થાનકે જ વ્રતગ્રહણ ઉચિત ઠરશે,**
**આ રીતે તો આખા માર્ગનો જ ઉચ્છેદ થઈ જશે,**
કારણ કે વ્રતગ્રહણ વિના તો
દશમું ગુણસ્થાનક જ આવતું નથી.
જેને વેદોદય જ ન હોય એ સાધક
એવું નથી,
પણ ક્વચિત્ કર્મોદયથી વેદોદય થવા છતાં
જે એને લગીરે અનુકૂળ ન થાય
અને જિનવચનપરિભાવન અને જિનવચનઅનુસરણ દ્વારા
એનો ખુડદો બોલાવી દે એ સાધક
આવી વ્યાખ્યા છે.

**સાધક એટલે ઝઝુમનાર**
**સિદ્ધ એટલે વિજય પામનાર.**
**સિદ્ધને વેદોદય પણ નથી હોતો**
**ને એમણે ઝઝુમવાનું પણ નથી હોતું.**
**સાધકને આ બંને વસ્તુ હોય છે.**
**સાધક ઝઝુમવા દ્વારા જ વિજય પામે છે**
**અને સિદ્ધ બને છે.**

આ ભવમાં જેમને સહજ નિર્મળ બ્રહ્મચર્ય મળ્યું છે
તેઓ પૂર્વભવમાં ક્યારેક ઝઝૂમ્યા છે.
જંબૂસ્વામી લગ્નની રાતે
આઠ રૂપ રૂપના અંબાર જેવી નવોઢાઓ વચ્ચે
નિર્વિકાર રહી શકે
અને એમના ય વિકારોને નાબૂદ કરી શકે,
એના મૂળમાં ભવદેવના ભવની અને શિવકુમારના ભવની
ઝઝૂમવાની સાધના હતી.
આજે સહજ નિર્મળ બ્રહ્મચર્ય ન હોય,
એનું કારણ એટલું જ છે કે
ભૂતકાળમાં આપણે ઝઝૂમ્યા નથી.
હવે એ ભૂલ સુધારી લઈએ,
બરાબર ઝઝૂમી લઈએ,
બધી તાકાતથી લડી લઈએ
આત્મશક્તિ સમક્ષ વેદોદય
એ એક મગતરાથી વધુ કાંઈ જ નથી.
જે ઝઝુમતો નથી
એ શરણાગત બને છે
એ એની બધી જ સાધનાને
વેદોદયની આગમાં હોમી દે છે.

એ રાખ જેવો નિસ્તેજ બને છે,
એટલું જ નહીં
એ વેદોદયની આગને વધુ ને વધુ પ્રદીપ્ત કરતો જાય છે.

**न जातु कामः कामाना–मुपभोगेन शाम्यति ।**
**हविषा कृष्णवर्त्मेव, भूय एवोपवर्द्धते ।।**

*કામ કદી પણ કામોપભોગથી શાંત થતો નથી.*
*જેમ ઘીથી આગ વધતી જાય*
*તેમ એ વધુ ને વધુ વધતો જ જાય છે.*

યોગશાસ્ત્ર કહે છે –

**रक्तजाः कृमयः सूक्ष्मा, मृदुमध्याधिशक्तयः ।**
**जन्मवर्त्मसु कण्डूतिं, जनयन्ति तथाविधाम् ।।**

*સ્ત્રીના અંગમાં લોહીથી જન્મેલા સૂક્ષ્મ કૃમિઓ હોય છે.*
*તેમનામાં મૃદુ, મધ્યમ અને અધિક શક્તિ હોય છે.*
*તેઓ તેવા પ્રકારની ખંજવાળ પેદા કરે છે.*
*સુખ ક્વચિત્, કાદાચિત્ક, કૃત્રિમ અને તુચ્છ.*
*એની સજા સતત અને કંટાળાજનક.*

ભોગનો સીધો અર્થ છે પોતાનો ભોગ.
નબળાઈથી માંડીને ક્ષય સુધીના રોગો ભોગથી થાય છે.

**कम्पः स्वेदः क्षयो मूर्च्छा, भ्रमिर्ग्लानिर्बलक्षयः ।**
**राजयक्ष्मादिरोगाश्च, भवेयुर्मैथुनोत्थिताः ।। योगशास्त्र ।।**

*કંપારી, પરસેવો, ક્ષય, બેભાની, ચક્કર, થાક, નબળાઈ*
*અને ક્ષય વગેરે રોગો મૈથુનથી થાય છે.*

મૈથુનનો અર્થ છે મોત તરફની દોટ.
મૈથુનનો અર્થ છે સ્વશિરચ્છેદ.
મૈથુનનો અર્થ છે આરોગ્યની હત્યા.
મૈથુનનો અર્થ છે હતોત્સાહતાની ખરીદી.

મૈથુનનો અર્થ છે મહામૂર્ખામી.
મૈથુનનો અર્થ છે આનંદનો આપઘાત.
મૈથુનનો અર્થ છે હાથે કરેલી હેરાનગતિ.
મૈથુનનો અર્થ છે ઉપાધિનું આમંત્રણ.
મૈથુનનો અર્થ છે આલોક-પરલોક ખલાસ.
મૈથુનનો અર્થ છે તન-મન-આત્માની છેતરપિંડી.
મૈથુનનો અર્થ છે સર્વસ્વની ધોળી લૂંટ.

સ્વસ્થ અને મધ્યસ્થ દૃષ્ટિએ વિચારતા
જે અંગોનું નામ લેતા પણ શરમ આવે
જેમને જોઈ પણ ન શકાય,
**દુર્ગંધ એ જે અંગોનો પર્યાય છે,**
**ગંદકીથી વધુ જે અંગો કશું જ આપી શકે તેમ નથી.**
**જુગુપ્સાના ઉત્પાદનનું જે અંગો કાયમી કારખાનું છે,**
**બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય,**
**એ અંગો આકર્ષક લાગે,**
**અને પ્રવૃત્તિપ્રેરક બને,**
**ત્યારે મૈથુનની સંભાવના થાય છે.**
વ્યક્તિના વેદોદય સાથે
આમાં કુદરતના ચક્રની પ્રક્રિયા પણ ચાલે છે.
જાતીય આકર્ષણ, મૈથુનપ્રવૃત્તિ, પ્રજોત્પત્તિ
અને આમ ચક્ર ચાલ્યા કરે.
કુદરતને જો એક સ્વતંત્ર વ્યક્તિ ગણીએ
તો આ એનો સ્વાર્થ છે.
કે આ રીતે બુદ્ધિ ભ્રષ્ટ થતી રહે,
ગાંડપણ થતું રહે, અને ચક્ર ચાલતું રહે.
**એક માણસને એવું ઈંજેકશન આપી દેવાય**

**કે એ ગટરમાં નાહ્યા કરે,**
**વિષ્ટા ખાયા કરે**
**ને ભૂંડણ સાથે ભોગ ભોગવ્યા કરે,**
**એના જેવું આ કુદરતનું કરતૂત છે.**
**બાળપણ જતાની સાથે**
**કુદરત આવું ઈંજેકશન આપી દે છે.**

આટલી બધી જુગુપ્સનીય અને લજ્જાસ્પદ પરિસ્થિતિમાંથી
પસાર થયા પછી વાત પૂરી થતી નથી.
પછીની વાત તો ઓર દર્દનાક છે.
પુરુષ એનું સર્વસ્વ ગુમાવી દે છે.
જેવું એનું ગાંડપણ ને જેવું એનું નસીબ -
એના આધારે નાના-મોટા રોગોથી માંડીને
મોત સુધીની વેદના ભોગવે છે.
ને સ્ત્રી તો સાવ જ બિચારી બની જાય છે.
પ્રજોત્પત્તિની ૯૯.૯૯% જવાબદારી એના માથે લદાઈ હોય છે.
એ બીમાર પડે છે,
માથું પકડીને બેસે છે,
ઉલ્ટીઓ કરે છે,
એનું મન ચકરાવે ચડે છે.
એના શરીરમાં જાતજાતની તકલીફો શરૂ થઈ જાય છે.
નવ-નવ મહિનાઓ સુધી એ કષ્ટો વેઠે છે.
છેવટે એને પ્રસૂતિની પીડા ઉપડે છે.
એ સાક્ષાત્ યમરાજના દ્વાર જુએ છે,
પીડા વધી રહી છે, ઓર વધી રહી છે,
ઓર.... ઓર.... ઓર....
બસ, હવે નહીં જીરવાય...
ના, હવે તો બિલકુલ નહીં સહેવાય,

ના, હવે હું મરી જઈશ... નહીં... ન...હીં...
થોડી ક્ષણોની ભૂલનું પરિણામ
સ્ત્રી પ્રત્યક્ષ નરકરૂપે ભોગવે છે.
મા સિવાય આ વેદનાને કોણ સમજી શકે ?
ને મા ખુદ પણ આનું વર્ણન શી રીતે કરી શકે ?
આ વેદના શા માટે ?
આ ત્રાસ શા માટે ?
મૂરખાઓ જવાબ આપે છે – 'કુદરતના તંત્રને ચલાવવા માટે.'
તો એવા પરગજુ આત્માઓ જ
આવું ગાંડપણ કરતા હશે ને ?
સાચો જવાબ તો છે – વેદોદય, મોહ, કુદરતનું ભયાનક ઈંજેક્શન.
સ્ત્રીને પુરુષ આકર્ષક લાગ્યો
ત્યાં જ એના ગાંડપણની શરૂઆત થઈ ગઈ.
ગાય ગાંડી બને એટલે એ આડેધડ દોડે
એ બે-ચાર વાહનોને પાડી દે,
પાંચ-સાત માણસને છુંદી નાંખે,
પોતે ય લોહી લુહાણ થાય
ને છેવટે ક્યાંક ગટરમાં પડી જાય.
ગાંડપણનું પરિણામ તો શી રીતે સારું હોઈ શકે ?
**'પુરુષ' એ સ્ત્રીની પનોતી છે,**
**બદનસીબી છે,**
**ગાંડપણ એને પુરુષમાં આકર્ષકતા દેખાડે છે,**
**ને એની સાથે જ**
**સ્ત્રીની ઘોર ખોદાઈ જાય છે.**
જો પુરુષ આકર્ષક હોત, ખરેખર આકર્ષક હોત,
તો એ પુરુષને ય આકર્ષક લાગત,
પણ એવું નથી.

માટે જ પુરુષને પુરુષમાં કોઈ જ રસ હોતો નથી.
અરે,
સ્ત્રીમાં ય જ્યારે ગાંડપણ ન આવ્યું હોય,
ત્યારે તો એને ય પુરુષમાં ક્યાં રસ હોય છે ?
એક દૂધવાળાને કો'કે પૂછ્યું,
''અલ્યા તું પરણતો કેમ નથી ?''
એણે કહ્યું,
''હું સવારે છ વાગે બહેનોને જોઉં છું.''
**ગાંડપણનો આધાર કદી સચ્ચાઈ ન હોઈ શકે.**
**જે સ્ત્રીનું સત્ય છે**
**એ જ પુરુષનું પણ સત્ય છે.**
સ્ત્રી રોજ સવારે ઊઠીને જુએ છે કે
પુરુષ જુગુપ્સનીય રીતે નસકોરાં બોલાવી રહ્યો છે.
એના મોઢામાંથી નીકળેલી લાળે
એની હડપચી સુધી અશુચિમય શ્વેત રેખા કરી છે.
નાકમાં શેડાં દેખાય છે,
આંખોમાં પિયા બાઝેલા છે,
પલંગ પર એનો અસ્ત-વ્યસ્ત દેહ જોવો ય ગમે એવો નથી.
હેરસ્ટાઈલને સ્ટાઈલ કહી શકાય તેમ નથી,
રાતની ઘટના યાદ આવે છે
ને એને છી છી થઈ જાય છે.
મેં શું કર્યું ? કોની સાથે ? ને શા માટે ?
આ પ્રશ્નો એને પજવે છે,
પણ એનો કોઈ જ જવાબ એને મળતો નથી.
સિવાય એનું ગાંડપણ.
ગાંડપણની હાજરીમાં ગાંડપણ કદી પણ ગાંડપણ લાગતું નથી.
ભૂંડને એની બધી જ ચેષ્ટાઓ બુદ્ધિસંગત લાગે છે.

ભૂંડનું ભૂંડપણું દૂર કરી દેવાય
તો એ ગટર, વિષ્ટા ને ભૂંડણને
કાયમ માટે તિલાંજલિ આપીને ચીસો પાડતું ભાગી જાય.
ભૂંડ જ્યાં સુધી ભૂંડ છે, ત્યાં સુધી ગાંડું છે.
જ્યાં સુધી એ ગાંડું છે, ત્યાં સુધી એની સમજાવટ શક્ય નથી,
કદાચ અલ્પ સમય માટે એ ડાહ્યું થઈ જાય,
તો એટલો સમય તો એ બધી જ પાગલચેષ્ટા છોડી દે,
પણ પાછો એને ગાંડપણનો એટેક આવે,
તો એને મન એ પાગલચેષ્ટા જ ડહાપણ બની જાય.
**મનુષ્યની દશા પણ બિલકુલ ભૂંડ જેવી છે.**
**ગાંડપણ ઓસરે છે**
**સ્ત્રીને પુરુષની ગંદકીઓ પ્રત્યક્ષ દેખાય છે.**
કોઈપણ વ્યક્તિ ૨૪ કલાકમાં
લગભગ ૨૦ વાર જાણે-અજાણે વાછૂટ કરે છે,
એવું વિજ્ઞાન કહે છે.
સાથે રહેતી વ્યક્તિ આનાથી અજાણ નથી હોતી.
પુરુષ ફ્રેશ થયા પછી ફલશ ન કરે
તો સ્ત્રી કકરાટ કરશે,
પુરુષ ટુથબ્રશ કરતો હોય
ત્યારે એનું દૃશ્ય જોઈને સ્ત્રીને મોઢું ફેરવી લેવાનું મન થશે,
પુરુષે હજી શેવ નહીં કર્યું હોય,
તો ય સ્ત્રીને એ અળખામણો લાગશે.
ઘેર ઘેર પુરુષો સવારે બીભત્સ દશામાં હોય,
બે-અઢી કલાકની કસરતો પછી માંડ કંઈક ઠીકઠાક થાય,
એ ય ઉપરછલ્લી દૃષ્ટીએ.
ને કલાક-બે કલાક બહાર જઈ આવે
ને પાછા ગંધાવા લાગે.

પરસેવાનો ખજાનો પણ અખૂટ હોય છે.
નફ્ફટમાં નફ્ફટ પુરુષ પણ
એના બીભત્સ અંગોને જાહેર કરતો નથી,
કારણ કે એને ય ખબર છે કે એ બીભત્સ છે.
નફ્ફટમાં નફ્ફટ સ્ત્રી પણ
જાહેરમાં આ ગાંડપણ કરતી નથી,
કારણ કે એને ય ખબર છે કે આ ખૂબ જ ગંદું છે.
જાતીય આકર્ષણનો તાત્પર્યાનુવાદ છે ગાંડપણ.
નર્યું ગાંડપણ, ભારોભાર અવિવેક, તદ્દન મૂર્ખામી.
**પુરુષના દેહમાં નવ છિદ્રો હોય છે,**
**જેમાંથી રોજબરોજ અશુચિ ઝર્યા જ કરે છે.**
**પુરુષના દેહમાં સાડા ત્રણ કરોડ રોમછિદ્રો હોય છે,**
**તેઓ ગંદકી અને દુર્ગંધ સિવાય**
**બીજું કોઈ ઉત્પાદન કરી શકતા નથી.**
પુરુષનું મોઢું એ હાડકાની બખોલ હોય છે,
જેમાં દુર્ગંધી થૂંક ભરેલું હોય છે.
દાંત સારા લાગે છે, પણ એ એક પ્રકારના હાડકા જ હોય છે.
જીભ માંસના ટુકડાથી વધુ કાંઈ જ હોતી નથી.
બગલના વાળ કેટલા જુગુપ્સનીય હોય છે,
એ વળી પસીનાથી ગંધાયા કરે છે.
દાઢી-મૂંછના વાળ કેટલા બરછટ હોય છે,
જો આખા શરીરે એવા વાળ હોય,
તો પુરુષ ને રીંછ બે ય સરખા લાગે,
બે દિવસ દાંતની સફાઈ ન થાય,
તો પુરુષથી સ્ત્રીને દૂર ભાગવું પડે,
એક દિવસ સ્નાન ન કરાય,
તો પુરુષ જુગુપ્સનીય લાગવા માંડે,

મેક-અપ, પરફ્યુમ્સ, સાબુ, પાવડર
વગેરે સૌન્દર્ય પ્રસાધન નથી હોતા,
કદરૂપાપણાના અને દુર્ગંધના ઢાંકણ હોય છે.
ગટરને તમે સાત ઢાંકણા લગાડો
તો ય ગટર તો ગટર જ રહે છે.
**ઢાંકણાનો સીધો અર્થ છે આંખ આડા કાન,**
**ઢાંકણાનો સીધો અર્થ છે જાતની છેતરપિંડી,**
**ઢાંકણાનો સીધો અર્થ છે સત્ય પર પડદો,**
**ઢાંકણાનો સીધો અર્થ છે આત્મવંચના**
**ઢાંકણાનો સીધો અર્થ છે બેવકુફી.**
છગન ભંગારવાળાને ત્યાંથી સેકન્ડ હેન્ડ ડબ્બો લઈ આવ્યો.
જોતાની સાથે પત્નીનો પિત્તો ગયો,
‘જરા જોઈને તો લાવવો તો, તમે તો ખરેખર ભંગાર જ લઈ આવ્યા.’
છગને કહ્યું, ‘ડબ્બો તો ભંગાર જ છે, પણ એનું ઢાંકણું સારું હતું.
માટે લઈ આવ્યો.’
પુરુષ ભંગાર જ છે,
ફક્ત એનું ઢાંકણું સારું હોય છે.
સેન્ટ-પરફ્યુમ્સ ઢાંકણું છે, ભારે કપડાં ઢાંકણું છે,
ફેસિયલ એ ઢાંકણું છે, હેર સ્ટાઈલ એ ઢાંકણું છે,
બાઈક કે કાર એ ઢાંકણું છે,
ને એની ચામડી સુદ્ધા ઢાંકણું છે.
ઢાંકણું ફક્ત ઢાંકણું જ હોય છે,
એથી વધુ કાંઈ જ નહીં.
એ ઢાંકણું ય કાયમ નથી હોતું
પરફ્યુમ પર પરસેવો કબ્જો જમાવી દે છે,
કપડાં જુનાં થઈ જાય છે કે બદલાઈ જાય છે,
**ફેસિયલને ફેસ હડસેલી દે છે,**

**હેર સ્ટાઈલની સ્ટાઈલ ખોટકાવા લાગે છે,**
**બાઈક ને કાર કંટાળો આપવા લાગે છે,**
**ચામડી એના છિદ્રોથી ખરડાવા લાગે છે,**
**ધીમે ધીમે એ ગુલાબી રંગ છોડીને**
**કાળાશ ને ફિક્કાશની યાત્રા કરવા લાગે છે,**
**એમાં કરચલીના તરંગો ઉઠે છે**
**ને એમાં યૌવન ડુબકી મારીને આપઘાત કરી લે છે.**
શોખીન ને રંગીન સ્ત્રીઓ ય
મોઢું વકાસીને પુરુષની આ વાનરગુંલાટો જોતી રહે છે,
એ જોઈ રહી છે કે એનું ખુદનું રૂપ પણ મુરઝાઈ રહ્યું છે,
ને પુરુષ પણ એનું પોત પ્રકાશી રહ્યો છે.
એના વાળ ધોળા થઈ રહ્યા છે
હવે એ હેં હેં કરીને માંડ સાંભળે ને સમજે છે.
હવે એના એક પછી એક દાંત વિહાર કરી રહ્યા છે.
છાશવારે એ એના બેકપેઈન અને ચેસ્ટ પેઈનના રોદણા રોયા કરે છે,

**तं कत्थ बलं तं कत्थ जोव्वणं अंगचंगिमा कत्थ ?।**
**सव्वमणिच्चं पिच्छह दिट्ठं णट्ठं कयंतेणं ।। वैराग्यशतक ।।**

*ક્યાં ગયું તે બળ, ક્યાં ગયું તે યૌવન ?*
*ક્યાં ગયું તે અંગોનું સૌન્દર્ય,*
*ખરેખર*
*એ બધું જ અનિત્ય છે.*
*હજી તો જોયું, ને ગયું,*
*બળનું ય મૃત્યુ હોય છે,*
*યૌવનનું ય મૃત્યુ હોય છે,*
*સૌન્દર્યનું ય મૃત્યુ હોય છે,*

જેને જીવન કહેવાય
એ હકીકતમાં હજારો મૃત્યુઓનો સરવાળો હોય છે.

પછી પુરુષ વાળ રંગે છે,
લેટેસ્ટ સ્ટાઈલના કપડા પહેરે છે.
મૂંછને પણ શેવ કરવાનું ચાલુ કરી દે છે,
આવી રહેલા ઘડપણને નો એન્ટ્રી કહેવા માટે ફાંફા મારે છે.
એને છૂપાડવા મથામણ કર્યા કરે છે.
બીજા કોઈ છેતરાય કે ન છેતરાય,
પહેલા તો એ પોતે જ છેતરાય છે.
તમે યુવાનને પસંદ કરો
તો ય તમે ઘરડાને જ પસંદ કર્યો છે,
કારણ કે એનો અંજામ ઘડપણ છે,
**તમે જીવતાને પસંદ કરો**
**તો ય તમે મડદાને જ પસંદ કર્યું છે,**
**કારણ કે એનો અંજામ મૃત્યુ છે.**
તમે રૂપાળાને પસંદ કરો
તો ય તમે કદરૂપાને જ પસંદ કર્યો છે,
કારણ કે રૂપ અલ્પસમય જ જીવે છે,
યૌવન ઓસરે છે ને રૂપને પોતાની સાથે લઈ જાય છે.
ગમતો પુરુષ
એટલે એક એવી કેરી
જેને તમે ખાઓ એની પહેલા એ સડી જવાની છે.
હજી તો તમે માંડ ચાખી હશે,
ત્યાં એનો બગાડ દેખાશે, એમાંથી વાસ મારશે.
એને મોઢામાં મુકવાની વાત તો દૂર છે,
એ દીઠી ય નહીં ગમે,
એને ઉકરડે નાંખી દેવાનું મન થશે,
પણ રે... તમારે કમને ય એ જ ખાવી પડશે,
**એને ખાઈને તમને બિલકુલ એવું નહીં લાગે,**

**કે તમે કેરી ખાધી છે.**
**તમને એવું જ લાગશે**
**કે તમને રીતસર કચરો ખાવાની સજા થઈ છે.**
**તમારે ખાવી જ પડશે,**
**આંસુ પાડી પાડીને ય ખાવી જ પડશે.**
**એ કેરીની ખરી કિંમત આ હોય છે.**
છૂપી કિંમત. હિડન કોસ્ટ.
તમને પહેલાથી ખબર હોત, તો તમે એ કેરી લેત જ નહીં.
પણ હવે....
કેરી ખરીદવાની સાથે જ
તમે વેંચાઈ ગયા હો છો.
યાદ આવે પેલી કવિતા -

**પૂછો ના પ્રીત મોંઘી છે કે સસ્તી દોસ્તો,**
**ચૂકવી દીધા છે દામ હવે બસ બોલવું નથી.**

કેરી તો બગડે ત્યારે બગડી હોય છે,
પુરુષ તો સારો દેખાતો હોય, ત્યારે ય બગડેલો હોય છે.
પૂછો તમારી જાતને
શું તમે ગોરાને બદલે કાળા હોત તો એ તમને ચાહત ?
શું તમે યુવાનને બદલે વૃદ્ધ હોત તો એ તમારા પર નજર કરત ?
એ તમને ચાહે માટે તમે મેક-અપ કરો છો,
તો તમે મૂર્ખા બન્યા છો,
એ તમને બિલકુલ નથી ચાહતો
એ ફક્ત મેક-અપ બોક્સના કન્ટેઈન્સને ચાહે છે,
તમે સવારે ઉઠ્યા હશો
ત્યારે તમને જોઈને એ મોઢું બગાડશે.
પુરુષને તમારામાં કોઈ જ રસ નથી,
પુરુષને ફક્ત પોતાનામાં રસ છે,

એને ગમતું મળે તો એ ચાહે છે,
અણગમતું મળે તો ધિક્કારે છે.
એટલું જ નહીં,
એને વધુ ગમતું મળે, તો એને ગમતું અણગમતું થઈ જાય છે.
શું લાગે છે તમને,
આખી દુનિયાની સ્ત્રીઓની આ રેસમાં તમારો જ ફર્સ્ટ રેન્ક આવશે ?

**તમે કેટલું દોડશો ?**
**ક્યાં સુધી દોડશો ?**
**કેટલાની આગળ દોડશો ?**
**આગળ થવા માટે કેટલો હાંફ વેઠશો ?**
**ને અંતિમ પરિણામ શું આવશે ?**

પુરુષને કંઈ ગમતું પણ નથી અને અણગમતું પણ નથી.
કદરૂપી છોડીને એ રૂપાળીમાં લપટાય છે
ને રૂપાળીને છોડીને એ કદરૂપીમાં ય લપટાય છે
એને ચેન્જ જોઈએ છે. નવું જોઈએ છે. વેરાયટી જોઈએ છે.
બોલો, તમે નિત નવા બની શકશો ?
આવડશે તમને ભવાઈના ખેલ ?

**स्त्रीकामितेति लिङ्गानि सप्त पुंस्त्वे प्रचक्षते ।**

સ્ત્રીની કામના - આ પુરુષના સાત ચિહ્નોમાંનું
એક ચિહ્ન છે.
સ્ત્રી હરખાય છે, કે જો એ મને ચાહે છે, એ સ્ત્રીકામી છે.
પણ એ ભૂલી જાય છે
કે દુનિયામાં એ એકલી જ સ્ત્રી નથી.
દાર્શનિક શાસ્ત્રોનો એક પદાર્થ છે -

**न हि चैत्र एकस्यां स्त्रियां रक्त इत्यन्यासु विरक्तः ।**

*ચૈત્ર નામનો પુરુષ એક સ્ત્રીનો રાગી થયો*

*એનો અર્થ એ નથી*
*કે એ બીજી સ્ત્રીઓમાં વિરાગી થઈ ગયો.*

દુનિયાભરની કરોડો ગૃહકંકાસો
અને લાખો છૂટા-છેડાઓના મૂળ
આ એક જ વાક્યમાં સમાયેલા છે.

**ઘરમાં સુખ નથી.**
**શ્રીમંત યુવાન વેલસેટ કપલ્સને પણ**
**પસ્તાવાથી વધુ કાંઈ જ મળ્યું નથી.**

મુંબઈમાં એક કન્યા.
કરોડપતિની દીકરી.
ગમતા છોકરાને પરણવા ઉપવાસે ચડી,
પપ્પાએ નમતું જોખ્યું, લગ્ન લેવાયા.
ફક્ત એક જ વર્ષ પછી એણે પોતાના ભાઈ પાસે
નિખાલસ કબૂલાત કરી -
''મને લાગે છે કે હું ફસાઈ ગઈ છું.''
એક અબજોપતિ યુવાને મને કહ્યું હતું.
''પહેલા વ્યાખ્યાનોમાં સાંભળ્યું હતું કે સંસારમાં સાર નથી,
હવે હું અનુભવું છું. એન્જોયમેન્ટ તો કાંઈ છે જ નહીં, ઉપાધિ જ છે.''
એક લેખકે જબરો કટાક્ષ કર્યો છે -
''કુમારિકા ! તમારે પતિ પસંદ કરવામાં
કેમ આટલી વાર લગાડવી જોઈએ ?
તમે ગમે તેટલું તપાસી તપાસીને પસંદ કરો,
તમને જલ્દીથી ખબર પડશે,
કે તમને કોઈ બીજો જ મળ્યો છે.''

**બીજો એટલે ધારણાથી ઊંધો.**
**બીજો એટલે તદ્દન નાપસંદ.**

**બીજો એટલે બોજો.**
**બીજો એટલે મજબૂરી.**
**બીજો એટલે ન નાંખી દેવાય ને ન ખાઈ શકાય એવી કેરી.**
**બીજો એટલે પસ્તાવાની ગંગાની ગંગોત્રી.**
**બીજો એટલે પહેલાની લૂંટ.**
**બીજો એટલે મનના મિનારા કડડડભૂસ.**

એક ચિંતકે કહ્યું છે - Second is hell.
તમે જેને પહેલો કહેતા હો એ ય બીજો હોય છે,
કારણ કે એ તમે નથી. એ જુદો છે. બીજો એટલે જુદો.
બીજો નરક હોય છે.
બીજો કદી તમને મેચ થતો નથી.
તમે સતત એને સહન કર્યા કરો છો
ને નરકની યાતના ભોગવ્યા કરો છો.

એક ચિંતકે કહ્યું છે -
''ત્રણ અઠવાડિયા સુધી આપણે એક-બીજાનો અભ્યાસ કરીએ છીએ,
ત્રણ મહિના સુધી આપણે એક-બીજાને પ્રેમ કરીએ છીએ,
ત્રણ વર્ષ સુધી આપણે એક-બીજા સાથે તું-તું મૈં-મૈં કરીએ છીએ,
ત્રીશ વર્ષ સુધી આપણે એક-બીજાને સહન કરીએ છીએ.''

પરમ પાવન શ્રીસૂત્રકૃતાંગ આગમમાં
શ્રીસુધર્માસ્વામી ભગવાન કહે છે -

**इहलोगदुहावहं विऊ, परलोगे य दुहं दुहावहं ।**
**विद्धंसणधम्ममेव य, विज्जं कोऽगारमावशे ?।**

આ લોકમાં ય દુઃખ ને પરલોકમાં તો ઓર ભારી દુઃખ
તમે ઘરનો માળો ગમે તેટલો સજાવો
છેવટે તો એ વીખરાઈ જ જવાનો છો,
તો પછી કોણ એવું હોય,

જે ઘરવાસને પસંદ કરે ?
કોણ એવું હોય,
જે પ્રભુના પાવન પંથને પસંદ ન કરે ?
યાદ આવે પરમ પાવન શ્રી આચારાંગસૂત્ર -
**अणिच्चमावासवुविंति जंतुणो, पलोयए सच्चमिणं अणुत्तरं ।**
**विओसिरे विण्णू अगारबंधणं, अभीरू आरंभपरिग्गहं चए ।।**
*“જીવો જે ઘરની મમતા કરે છે*
*એ ટૂંક સમયમાં પડી ભાંગવાનું હોય છે.*
*તું જો, આ જ શ્રેષ્ઠ સત્ય છે.*
*તારામાં સમજદારી હોય*
*તો તું ફગાવી દે આ ઘર-સંસારનું બંધન.*
*છોડી દે બધાં જ ગભરાટને.*
*અને હિંસા-પરિગ્રહના ત્યાગના આ પાવન પંથને અપનાવી લે.*
*પ્રભુના માર્ગ સિવાય બીજે ક્યાંય સુખ નથી.”*
પુરુષ માટે સ્ત્રી એ ઘર હોય છે.
સ્ત્રી માટે પુરુષ એ ઘર હોય છે.
ઘર એટલે આશ્વાસ, ઘર એટલે વિશ્વાસ.
ઘર એટલે નિરાંત,
પણ સંસારની આ લડાઈઓને જોઈએ
તો એમ કહેવું જ પડે,
કે જેને ઘર કહેવાય છે,
એ હકીકતમાં કુરુક્ષેત્ર છે.
જ્યાં દિવસ-રાત નિતનવા મહાભારતો ખેલાયા કરે છે,
ને જેને સંયમ કહેવાય છે, ગૃહત્યાગ કહેવાય છે,
એ હકીકતમાં ઘર હોય છે.
**પુરુષ એ સ્ત્રીની નરક છે.**

**પુરુષ એ સ્ત્રીની નિગોદ છે.**
**પુરુષ એ સ્ત્રીનું કતલખાનું છે.**
**પુરુષ એ સ્ત્રીની હત્યા છે.**
**પુરુષ એ સ્ત્રીનું કાતિલ ઝેર છે.**
**પુરુષ એ સ્ત્રીનો ફાંસો છો.**
**પુરુષ એ સ્ત્રીનું ભયાનક ભવભ્રમણ છે.**

યાદ આવે સંવેગરંગશાળા -

**ता णियसीलरक्खियाणं णारीणं णिंदिया पुरिसा ।**

*જેમને પોતાના શીલનું રક્ષણ કરવું છે*
*એવી સ્ત્રીઓ માટે*
*પુરુષ જેવું નિંદાપાત્ર બીજું કોઈ જ નથી.*

આજ સુધીમાં સ્ત્રીએ પુરુષને કેટલો ચાહ્યો છે,
એના અનંતમાં ભાગ જેટલું પણ
જો શીલને ચાહ્યું હોત
તો એને નરકમાં ચીસાચીસ કરવી ન પડત,
તો એને નિગોદની જેલમાં પૂરાવું ન પડત,
તો એ કતલખાનાના ધારદાર છરા દ્વારા કપાઈ ન જાત,
તો એની અનંતી વાર હત્યા ન થાત,
તો એ ભયાનક ભવભ્રમણ ન કરત,
તો પછી પુરુષને શા માટે ચાહવો ?
શીલને જ કેમ ન ચાહવું ?

સુધર્માસ્વામી ભગવાન આગળ વધે છે -

**यमनियमगुणप्पहाणजुत्तं ।**

*જંબૂ !*
*બ્રહ્મચર્ય એ અહિંસા વગેરે વ્રતો અને*
*સમિતિ, ભાવના, અભિગ્રહો વગેરે નિયમો*
*આ બધામાં પ્રધાન છે. મુખ્ય છે.*

**हिमवंतमहंततेयमंतं ।**

*બ્રહ્મચર્યનું તેજ ને બ્રહ્મચર્યનો પ્રભાવ*
*હિમવંત પર્વત કરતા પણ વધારે છે.*

જેમ ભરતક્ષેત્રના પર્વતોમાં હિમવંત પર્વત સર્વોત્કૃષ્ટ છે,
એમ વ્રત-નિયમોમાં બ્રહ્મચર્ય એ સર્વોત્કૃષ્ટ છે.

**व्रतानां ब्रह्मचर्यं हि, निर्दिष्टं गुरुकं व्रतम् ।**
**तज्जन्यपुण्यसम्भार – संयोगाद् गुरुरुच्यते ।।**

*સર્વ વ્રતોમાં*
*બ્રહ્મચર્ય એ મહાન વ્રત છે,*
*કારણ કે એના પાલનથી જે જબરદસ્ત પુણ્ય થાય છે,*
*એ ખૂબ જ મહાન હોય છે.*
*એના સંયોગથી એ પણ મહાન કહેવાય છે.*

જે સુખ (?) કૂતરી અને ભૂંડણને પણ સુલભ છે
એને લાત મારવા માટે
ને જે સૌભાગ્ય દેવોને ય દુર્લભ છે.
એને અપનાવવા માટે
આપણને આ ભવ મળ્યો છે,
શું આ ભવમાં પણ આપણે આ જ પશુ ચેષ્ટા કરશું ?
આ ભવ અધમ માટે નથી,
આ ભવ મહાન માટે છે,
આ ભવ ભોગની ગટરમાં વેડફવા માટે નથી,
આ ભવ યોગની સાધનાથી સફળ કરવા માટે છે,
આ ભવ વધૂ કે નગરવધૂ બનવા માટે નથી,
આ ભવ જિનશાસનના પંચમ પરમેષ્ઠી પદે
બિરાજમાન થવા માટે છે.

**पसत्थगंभीरथिमियमज्झं ।**

*તમે જો બ્રહ્મચર્ય પાળશો*
*તો તમારું મન સારું બનશે.*
*ગંભીર બનશે*
*અને સ્થિર બનશે.*

પશુમાં આમાંથી એકે ય ગુણ હોતા નથી.
જે પશુ ચેષ્ટા કરે
એનામાં ય આમાંથી એકે ય ગુણ હોતા નથી.

**અબ્રહ્મનો અર્થ છે માનવતામાંથી હકાલપટ્ટી.**
**અબ્રહ્મનો અર્થ છે માનસિક સ્થિરતાની સ્મશાનયાત્રા.**
**અબ્રહ્મનો અર્થ છે છીછરા બનવાનો પ્રયાસ.**
**અબ્રહ્મનો અર્થ છે ખુદની ખાનાખરાબી.**

એ વ્યક્તિને ઉપવાસ છે.
એનું મન સ્વસ્થ છે, શાંત છે. પવિત્ર છે.
બીજી વ્યક્તિને ઉપવાસ નથી. ખાવા-પીવાના અઢળક વિકલ્પો ખુલ્લા છે.
બંનેના મનના વિચારો ખુલ્લા પડી જાય, તો કોણે શરમાવું પડશે,
એક વ્યક્તિને બ્રહ્મચર્ય વ્રત છે.
એનું મન વિકારશૂન્ય અને પવિત્ર છે.
બીજી વ્યક્તિને વ્રત નથી, એના મનમાં જે વિકલ્પોની આવ-જા થઈ રહી છે એનું વર્ણન કરવું શક્ય નથી,
એ બંનેના વિચાર ખુલ્લા પડી જાય,
તો કોને શરમાવું પડશે ?
વિચાર ખુલ્લા થવાના નથી ને માટે શરમાવાનો સવાલ નથી,
એ ખરો મુદ્દો નથી.
ખરો મુદ્દો એ છે કે જે પાપ સુખ માટે કરાય છે
એ પાપ જ મનને તદ્દન અસ્વસ્થ કરી દેવા દ્વારા

દુઃખનું કારણ બનતું હોય તો એ પાપ શા માટે કરવું ?
વાત ભાવિના નરક વગેરેના દુઃખની નથી,
વાત છે વર્તમાનના દુઃખની.
જ્યાં મન સ્વસ્થ ન હોય, જ્યાં મન અસ્થિર હોય,
જ્યાં મન કલુષિત હોય, ત્યાં સુખનો અનુભવ શક્ય જ નથી.
મોઢામાં ગુલાબજાંબુ મુક્યું હોય
અને પુત્રમૃત્યુના સમાચાર મળે,
તો ગુલાબજાંબુ કડવું ઝેર થઈ જાય છે.
એરકંડીશનર ચાલું હોય, આલીશાન ડ્રોઈંગરૂમ હોય,
પણ ગુંડાનો ફોન આવે તો પરસેવો છૂટી જાય છે.

**સુખ સાધનોથી મળે કે સ્ત્રી કે પુરુષથી મળે**
**એ નરી ભ્રમણા છે.**
**સુખ સ્વસ્થ મનથી મળે છે,**

જો તમે એમ કહો કે અમે સ્વસ્થ મનથી વિષયો ભોગવશું,
તો એનો જવાબ એ છે કે
વિષયભોગ એ મનની અસ્વસ્થતાનો જ પર્યાય છે.
વિષયભોગની ઈચ્છા સુદ્ધા સ્વસ્થ મનમાં શક્ય નથી,
તો વિષયભોગ તો સ્વસ્થ મનથી શી રીતે થઈ શકે ?
એના કરતા પણ મહત્ત્વની વાત એ છે કે
'અમે સ્વસ્થ મનથી વિષયભોગ કરશું'
આવું લક્ષ્ય રાખવા કરતા
'અમે મનને સ્વસ્થ રાખશું'
આવું જ લક્ષ્ય બનાવો ને ?
સુખી થવા માટે આટલું જ જરૂરી છે,
એથી આગળ વધાય એટલે અવશ્ય દુઃખી જ થઈ જવાય છે.
વિષયસેવનથી સુખી થવા જવું
એ ઝેર ખાઈને જીવવા સમાન છે.

સુધર્માસ્વામી ભગવાન આગળ વધે છે -

**अज्जवसाहुजणाचरियं ।**

*બ્રહ્મચર્ય એટલે સરળ સાધુજનોએ*
*આચરેલ અનુષ્ઠાન.*

તમને સરળતા ગમે છે કે કુટિલતા ?
સરળતા ને ?
તો બ્રહ્મચર્ય એ જ તમારો માર્ગ હોઈ શકે,
અબ્રહ્મ નહીં.
બ્રહ્મનો સીધો અર્થ છે સરળતા.
અબ્રહ્મનો સીધો અર્થ છે કુટિલતા.

**कामस्य वामा गतिः ।**

કામની ગતિ વક્ર હોય છે.
સીધું વિચારતા એને આવડતું જ નથી.
પારદર્શકતા એના ગજા બહારની વસ્તુ છે.
એમાં કોઈ જ ભેળસેળ ન હોય
ત્યારે એ પરાકાષ્ઠાની ગંદકી હોય છે.
ગંધાતું છે એ એનું ગુલાબજાંબુ છે,
ગટર છે એ એનો વોટરપાર્ક છે,
જુગુપ્સનીય છે એ એનો રિસોર્ટ છે,
છી છી થઈ જાય, એ એનો બગીચો છે.
જે થૂંકવા જેવું ય નથી, એ એનું મનોરંજન છે
આથી વધુ કુટિલતા બીજી કઈ હોઈ શકે ?
યાદ આવે ઉપદેશમાલા -

**जं जं णज्जइ असुहं, लज्जिज्जइ कुच्छणिज्जमेयं ति ।**
**तं तं मग्गइ अंगं, णवरं अणंगु त्थ पडिकूलो ।।**

*જે જે અશુભ જણાય છે.*

*શરમ આવે છે કે આ ખૂબ જ ગંદું છે*
*વિષયી વ્યક્તિને તે તે અંગ જ જોઈએ છે.*
*આમાં 'કામ'ની કુટિલતા સિવાય*
*બીજું કોઈ જ કારણ નથી.*

રાજા અપ્સરા જેવી રાણી મળી હોવા છતાં
દાસીમાં લપટાય છે
એનું કારણ છે કામની કુટિલતા.
રાણી રાજા જેવા રાજાને છોડીને
કાણા કૂબડા સાથે લપટાય છે
એનું કારણ છે કામની કુટિલતા.
બારમા દેવલોકનો દેવ પણ
એની તુલનામાં ભૂંડણ જેવી મનુષ્ય-સ્ત્રી સાથે લપટાય છે
એનું કારણ છે કામની કુટિલતા.
**મનુષ્યત્વને પામ્યા પછી પણ**
**અને સ્વજાતિનું વિજાતીયપાત્ર સ્વાધીન હોવા છતાં પણ**
**સાવ જ જુગુપ્સનીય એવી તિર્યંચજાતિ સુદ્ધા સાથે**
**વિષયસેવનની પ્રવૃત્તિ કરાય છે,**
એનું કારણ છે કામની કુટલિતા.
જે પ્રવૃત્તિમાં વિવેકનો અંશ સુદ્ધા નથી,
જે પ્રવૃત્તિમાં સમજદારીનો છાંટો ય નથી,
જે પ્રવૃત્તિમાં કોઈ ફાયદો પણ નથી
ને ખરેખર જે પ્રવૃત્તિમાં કોઈ સુખ પણ નથી,
એ પ્રવૃત્તિમાં હોંશે હોંશે પરોવાઈ જવાય છે
એનું કારણ છે કામની કુટિલતા.
અબ્રહ્મનો સીધો અર્થ છે આડાઈ.
તમે વાંકા બનો, વાકું વિચારો ને વાંકા રસ્તે દોડવા માંડો
તો જ અબ્રહ્મ શક્ય છે.

**अपात्रे रमते नारी, गिरौ वर्षति माधवः ।**
**नीचमाश्रयते लक्ष्मी, प्राज्ञः प्रायेण निर्धनः ।।**

*સ્ત્રી તદ્દન અયોગ્ય પાત્રમાં લંપટ થાય છે,*
*વરસાદ પર્વત પર પડ્યા કરે છે, (જરૂરિયાત નીચે હોય છે.)*
*લક્ષ્મી 'નીચ'ને પુષ્કળ મળે છે.*
*પ્રાજ્ઞ લગભગ ગરીબ હોય છે.*

આપણી સાથે કોઈ માયા-પ્રપંચ ખેલે,
તો આપણું મન એના પરથી ઉઠી જાય છે,
આપણા જીવનમાંથી આપણે એને
ધક્કા મારી મારીને કાઢી મુકીએ છીએ.
આપણે એનું મોઢું સુદ્ધા જોવા માંગતા નથી,
આપણે એને ખૂબ ખૂબ ધિક્કારવા માંડીએ છીએ.
તો પછી જે 'કામ' આપણી સાથે આટલી કુટિલતા કરી
એને આપણે આપણા જીવનમાંથી
ધક્કા મારી મારીને કેમ કાઢી મુકતા નથી ?
એને કેમ ધિક્કારતા નથી ?
અનાદિ નિગોદથી માંડીને આ ક્ષણ સુધીના
આપણા સમગ્ર ભવચક્રમાં
આપણી સાથે સર્વોત્કૃષ્ટ આડાઈ કરનાર કોઈ હોય તો એ કામ છે.
**આપણે અશોક વૃક્ષ હતા,**
**સ્ત્રીએ આપણને લાત મારી ને આપણે પ્રફુલ્લિત થઈ ગયા,**
**કેવી કામની છેતરપિંડી !**
**લાતમાં આપણે શું લેવાનું હતું ?**
**એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય,**
**નારક, દેવ, મનુષ્ય**
**કોઈ ભવમાં કામે આપણી સાથે આડાઈ કરવામાં**
**કાંઈ બાકી રાખ્યું નથી.**

ભૂંડણ ને ગધેડી પાછળ આપણને કામે દોડાવ્યા છે.
પાડા ને ઊંટમાં કામે આપણને 'રૂપ' દેખાડ્યા છે.
કાળા ને કૂબડા માણસમાં કામે આપણને 'દેવ' દેખાડ્યા છે.
અરે,
કામની આડાઈની કેટલી વાત કરવી,
એણે આપણને સ્ત્રી બનાવ્યા.
આપણે પ્રતિષ્ઠિત પરિવારના નબીરાને પરણ્યા.
જેને સારું ઘર ને સારો વર કહેવાય
એવું બધું જ આપણને મળ્યું હતું.
પતિ પ્રેમાળ હતો, શ્રીમંત હતો, યુવાન હતો.
આપણે સવારે મોંઘા નેકલેસની માંગણી કરી.
એ ફરીને-શોધીને-ખર્ચીને સાંજે લઈ આવ્યો
ને આપણે મોઢું ફેરવી લીધું.
જાણે રિસાઈ ગયા.
'પણ થયું શું ?' આ પ્રશ્નના દીવા પેટાવીને
એ બિચારાએ દોઢ કલાક આપણી આરતી ઉતારી
જવાબ આપણી પાસે ય ન હતો
તો એને ક્યાંથી મળે ?
આમ તો નાટક કહેવાય, નખરાં કહેવાય,
પણ સાહિત્યશાસ્ત્રોમાં એને વિલાસ કહેવાય છે.

**इष्टानामर्थानां प्राप्तावभिमानगर्वसम्भूतः ।**
**स्त्रीणामनादरकृतो, बिब्बोको नाम विज्ञेयः ।।**

*પોતાને જોઈતું હોય, તે મળી જાય*
*તો અભિમાન થાય,*
*એનાથી સામી વ્યક્તિનો અનાદર થાય,*
*આ સ્ત્રીનો બિબ્બોક નામનો વિલાસ છે.*

કોઈ સ્કુલમાં આ શીખવાડાતું નથી,
ઉંમર થાય એટલે 'કામ' બધું જ શીખવી દે છે.
પણ એના પરિણામમાં
પોતે ને બીજાએ દુઃખી દુઃખી જ થવાનું હોય છે.
આનું નામ કામની આડાઈ.
કામે કરેલી આપણી ભયંકર છેતરપિંડી.

સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું છટ્ઠુ વિશેષણ કહે છે -

**मोक्खमग्गं ।**

*બ્રહ્મચર્ય એ મોક્ષમાર્ગ છે.*

અબ્રહ્મથી આજ સુધીમાં કોઈનો મોક્ષ થયો નથી.
જેમનો પણ મોક્ષ થયો છે, તે બ્રહ્મચર્યથી જ થયો છે.
યાદ આવે પરમ પાવન શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર -

**एस धम्मे धुवे णिच्चे, सासए जिणदेसिए ।**
**सिद्धा सिज्झंति चाणेण, सिज्झिस्संति तहावरे ।।**

*બ્રહ્મચર્ય એ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે.*
*અનંત જિનેશ્વરોએ બતાવેલો આ ધર્મ છે.*
*જે પણ જીવો સિદ્ધ થાય છે*
*તેઓ બ્રહ્મચર્યથી સિદ્ધ થાય છે.*
*અને જે પણ જીવો સિદ્ધ થશે,*
*તેઓ પણ બ્રહ્મચર્યથી સિદ્ધ થશે.*

અબ્રહ્મ એ ભયંકર દુઃખદાયક સંસારનો રસ્તો છે,
બ્રહ્મચર્ય ને શાશ્વત સુખદાય મોક્ષનો રસ્તો છે.
રસ્તો પસંદ કરવા એ આપણા હાથની વાત છે,
એક વાર રસ્તો પસંદ કર્યા પછી
એ રસ્તે શું આવે
એ આપણા હાથની વાત નથી.

આપણે જેવો રસ્તો પસંદ કર્યો હશે,
તેવું એ રસ્તે આવશે.
જો આજે અબ્રહ્મનો રસ્તો પકડીએ,
તો પછી કાલે આપણને એ પ્રશ્ન કરવાનો કોઈ જ અધિકાર નહીં રહે,
કે મારી નરકગતિ શા માટે ?
નારી નરકની દીવડી છે, પુરુષ નરકનો દીવડો છે.
આનું તાત્પર્ય એ જ છે
કે વિજાતીયનો રાગ અને અબ્રહ્મ
એ તમને નરક તરફ આગળ વધારે છે.
સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું સાતમું વિશેષણ કહે છે -

**विसुद्धसिद्धिगइनिलयं ।**

*બ્રહ્મચર્ય એ વિશુદ્ધ સિદ્ધિગતિનું ઘર છે.*

**ઘર એને કહેવાય**
**જે માણસનું સરનામું હોય**
**બ્રહ્મચર્ય એ મોક્ષનું સરનામું છે**
તમારે મોક્ષ જોઈએ છે,
તો તમે બ્રહ્મચર્યમાં મગ્ન બની જાઓ,
તમને મોક્ષ મળી જશે.
ઘર માંડવા કરતાં બ્રહ્મચર્ય માંડવું
એ લાખગણું બહેતર છે.
ઘર માંડવાનો અર્થ છે કતલખાના માંડવા.
ઘર માંડવાનો અર્થ છે કસાઈ બનવું.
ઘર માંડવાનો અર્થ છે હત્યારા બનવું.
ઘર માંડવાનો અર્થ છે ષટ્કાયના જીવોનો કચ્ચરઘાણ વાળી દેવો.
**ઘર માંડવાનો અર્થ છે નોકરાણી બનવું, દાસી બનવું, ઘરઘાટી બનવું,**
**સવારથી રાત સુધી 'ઘર'ની નોકરી કર્યા કરવી.**
**પાણી, ઝાડું, પોતા, રસોઈ, કપડા, રસોઈ, વાસણ, ઠીકઠાક,**

**છોકરાને લેવા-મુકવા, શાક લેવા, રસોઈ, વાસણ, સાસુના મહેણા, દેરાણીના ટોણા, સસરાની સેવા, છોકરાના ઉધામા, પરીક્ષાની ચિંતા, રાતોના ઉજાગરા, દૂધવાળાની ફિલ્ડીંગ, બધાની ડિમાન્ડ્સ,**
**થાકી ગયેલું તન, કંટાળી ગયેલું મન, આનું નામ ઘર.**
**તમારી બનાવેલી તમારી નરક.**
આના કરતા ચંદનબાળા બનીને
પ્રભુના પાવન પંથે સંચરીને આત્મકલ્યાણ કરવું શું ખોટું ?
કોઈ કન્યા વળી બહુ હોંશિયાર થઈને
ત્રીજો વિકલ્પ ગોતવા જાય છે.
ઘરમાં નોકરો રાખવા ને આપણે જોબ કરવી,
એ બિચારી ડબલ જોબ કરે ને સોગણી દુઃખી થાય છે.
બાળકને દૂધ પીવડાવનારા સુદ્ધા પગારદારો મળી જશે.
પણ આ રીતે પરિવાર વીખરાઈ જશે.
છેવટે એ કન્યા ડિપ્રેશન ને જાત જાતના રોગો દ્વારા
એ નોકરોની ખરી કિંમત ચૂકવશે.
કો'ક કન્યા વળી ઓર સ્માર્ટ બને છે
એને બાળક જ નથી જોઈતું,
એ એની હળવાશની કિંમત કેન્સરથી ચૂકવે છે.
અબ્રહ્મ જોઈએ છે અને બાળક નથી જોઈતું,
એનો અર્થ એ છે કે કેન્સર જોઈએ છે,
એવું આધુનિક નિષ્ણાતો સ્પષ્ટ કહે છે.
કોઈ કન્યા સ્માર્ટ-શિરોમણિ બનવા જાય છે,
એને નથી દીક્ષા લેવી, નથી લગ્ન કરવા,
ઘર માંડીએ તો આ બધી ઉપાધિ થાય ને ? એને ઘર જ નથી માંડવું.
આધુનિક સમયે એના વિકલ્પો પણ આપ્યા જ છે ને ?
બિચ્ચારી.
એને ખબર નથી કે એ હજાર ઘર માંડી રહી છે

અને હજારગણી ઉપાધિને નોતરી રહી છે.
**તમને કઈ વસ્તુ કેટલામાં પડી,**
**એ તમને પછી જ ખબર પડતી હોય છે,**
**વસ્તુ પર લખેલી MRP એ એકચ્યુલી તમારી છેતરપિંડી હોય છે.**
અનંત તીર્થંકરોએ આપણને સુખી કરવા માટે
આપણા પર પરમ કરુણા કરીને
કેવળજ્ઞાનમાં જોઈને.
આપણા સુખનો જે માર્ગ બતાડ્યો,
એ માર્ગ સિવાય ક્યાંય સુખ હોઈ શકે ખરું ?
આપણને જો કેવળજ્ઞાન પર વિશ્વાસ હોય,
તો આપણે બ્રહ્મચર્ય પર વિશ્વાસ મુકી દેવો જોઈએ,
કે મારાં સુખનો સ્રોત એ જ છે. બીજો કોઈ જ નહીં.
શ્રી સુધર્માસ્વામી ભગવાન આઠમું વિશેષણ કહે છે -

**सासयं ।**

*બ્રહ્મચર્ય એ શાશ્વત છે.*

વડીદીક્ષાનું આગમિક નામ છે ઉપસ્થાપના.
નૂતનદીક્ષિત આત્માની વ્રતોમાં ઉપસ્થાપના.
પ્રશ્ન કર્યો કે આવું કેમ કહો છો ?
એમ કેમ નથી કહેતા કે વ્રતોની નૂતન દીક્ષિતમાં ઉપસ્થાપના ?
ત્યાં જવાબ આપ્યો છે - **व्रतानां शाश्वतत्वात् ।**
નૂતન દીક્ષિતનો તો દીક્ષિતરૂપે ઉદ્ભવ થયો છે.
વ્રતો કાયમી હતા.
તમે ઘરમાં આવી શકો, ઘર તમારામાં શી રીતે આવી શકે ?
એવો કોઈ જ કાળ નથી, જેમાં બ્રહ્મચર્ય વિદ્યમાન ન હોય.
**બ્રહ્મચર્ય શાશ્વત છે, કારણ કે એ સર્વકાળમાં હોય છે.**
**બ્રહ્મચર્ય શાશ્વત છે, કારણ કે એનું ફળ-મોક્ષ શાશ્વત છે**

**બ્રહ્મચર્ય શાશ્વત છે, કારણ કે એને અપનાવવાથી**
**કોઈ પણ પ્રકારના વિનાશની શક્યતા રહેતી નથી.**
બ્રહ્મચર્ય શાશ્વત છે, કારણ કે આપણે એની આંગળી પકડી લઈએ
એટલે એ કોઈ ભવમાં સાથ છોડતું નથી.
બ્રહ્મચર્ય શાશ્વત છે, કારણ કે આપણે એક વાર એને અપનાવી લીધું
પછી આપણે કોઈ પણ ક્ષેત્રમાં જઈએ,
એ આપણી બધી રીતે રક્ષા કરે છે.
બ્રહ્મચર્ય શાશ્વત છે, કારણ કે એ હંમેશા સદ્ગુણસ્વરૂપે જ રહે છે,
એ કદી પણ દોષરૂપે પરિણમતું નથી.
એટલે કે આપણે બ્રહ્મચર્ય પાળીએ અને આપણને એનાથી નુકશાન થાય,
એવું કદી પણ શક્ય જ નથી.
અબ્રહ્મ એટલે આત્મભક્ષણ.
બ્રહ્મ એટલે આત્મરક્ષણ.
ઝેડ સિક્યુરિટી તૂટી એટલે મંત્રીજી તૂટવાના જ છે.
મંત્રીને અક્ષત રાખવા હોય,
તો સિક્યુરિટીને અક્ષત રાખવી પડશે,
આત્માને સુરક્ષિત રાખવો હોય,
તો બ્રહ્મચર્યને સુરક્ષિત રાખવું પડશે.
આધુનિક વિચારધારામાં ફોનની સ્ક્રીન તૂટે એ મોટી દુર્ઘટના હોય છે.
બ્રહ્મચર્ય તૂટે એ ઘટના ય નથી હોતી.
બ્રહ્મચર્ય તૂટે, ત્યારે શું નથી તૂટતું એ પ્રશ્ન છે.
પવિત્રતા તૂટે છે, ઓરાની લયબદ્ધતા તૂટે છે,
ભૌતિક, માનસિક અને આધ્યાત્મિક ઉર્જા તૂટે છે,
ધૈર્ય અને સત્ત્વ તૂટે છે,
બળ અને કળ તૂટે છે.
ટૂંકમાં કહીએ, તો આપણું અસ્તિત્વ જ તૂટી જાય છે.
શાશ્વતની ઉપેક્ષા શાશ્વતપણાથી વંચિત કરી દે

ને નશ્વરની ઉપાસના સત્યાનાશ નોતરે
એમાં શું આશ્ચર્ય છે ?
સુધર્માસ્વામી ભગવાન નવમું વિશેષણ કહે છે -

**अव्वाबाहं ।**

*બ્રહ્મચર્ય એ અવ્યાબાધ છે.*

**બ્રહ્મચર્ય એ એવી પોલાદી દીવાલ છે.**
**જે આપણા પર આવી પડતી બાધાઓ - તકલીફોની**
**આડે ઊભી રહી જાય છે**
ને આપણને આબાદ બચાવી લે છે.
સીતાજીએ ભડભડતી જ્વાળાઓમાં ઝંપલાવી દીધું,
ત્યારે એમની રક્ષા બ્રહ્મચર્યે કરી હતી.
મદનરેખાજી જંગલમાં સાવ જ એકલા
ને હાથીએ તેમને ઉછાળ્યા,
ત્યારે તેમની રક્ષા બ્રહ્મચર્યે કરી હતી.
દ્રૌપદીજી પર ભર રાજસભામાં બેઆબરૂ થવાનું સંકટ આવ્યું,
ત્યારે તેમની રક્ષા બ્રહ્મચર્યે કરી હતી.
કલાવતીજીના કાંડા કપાયા
તો બ્રહ્મચર્યે તેમને નવા હાથ આપ્યા હતા.
મનોરમાજીએ કાયોત્સર્ગ કર્યો,
તો તેમના બ્રહ્મચર્યએ દેવતા સુદ્ધાને હાજર કરીને
સંકટને મારી ભગાવ્યું હતું,
દમયંતીજી ભયાનક જંગલમાં એકલા પડી ગયા,
તો બ્રહ્મચર્ય ડગલે ને પગલે એમનું અંગરક્ષક બની રહ્યું -
અવ્યાબાધ.
**જાત જાતના રોગોનો ભોગ બનવું,**
**ડગલે ને પગલે વિઘ્નોની સરભરાઓ કરવી**
**ડોકટરોના વેઈટિંગ રૂમમાં વીલે મોઢે કલાક સુધી રાહ જોવડાવવી**

**હોસ્પિટલોના મહેમાન બનીને શરીરમાં ચીર-ફાડ કરાવવી**
**જીવતી નરક બનવું**
**ને આજીવન હાયવોય કરવી**
**એના કરતા બ્રહ્મચર્યનું પાલન કરવું શું ખોટું ?**
આપણને આપણા માટે શરમ આવવી જોઈએ
કે મારે એક બાજુ ક્ષણિક તુચ્છ અધમ કક્ષાના સુખના ભિખારી બનવું
ને બીજી બાજુ કાર્યસિદ્ધિ, આરોગ્ય અને પ્રસન્નતાના ભિખારી બનવું
કાયમ વલખાં માર્યા કરવા
ને રોદણા રોયા કરવા,
આ મારી કેવી વિચિત્ર પરિસ્થિતિ !
આ પરિસ્થિતિ જોઈને આપણને આપણા પર
ધિક્કાર ધિક્કાર ન છૂટી જવો જોઈએ ?
મુંબઈમાં બે મિત્રો થાણાથી દાદર જવા માટે
પોત પોતાના પરિવાર સાથે નીકળ્યા છે.
બંનેના નીકળવામાં પાંચેક મિનિટનું અંતર છે.
એક મિત્ર જે જે સિગ્નલ પાસે પહોંચે છે
ત્યાં ત્યાં સિગ્નલ રેડ થતું જાય છે.
બીજો મિત્ર જે જે સિગ્નલ પાસે પહોંચે છે
ત્યાં ત્યાં સિગ્નલ ગ્રીન થતું જાય છે.
પહેલો મિત્ર ગમે તેટલી સ્પીડ વધારીને નીકલી જવા મથે
એ ત્યાં પહોંચે ત્યાં સુધીમાં
સિગ્નલ લાલ રંગની ચેતવણી કરી ચૂક્યું હોય.
બીજો મિત્ર એની રીતે જ જતો હોય
પણ બધા સિગ્નલ્સ લીલૂડા તોરણ લઈને
એનું સ્વાગત કરતા હોય.
બીજો મિત્ર દાદર પહોંચી ગયો, અને પાર્ટી એન્જોય કરવા લાગ્યો.
ત્યારે પહેલો માંડ માંડ ઘાટકોપર સુધી પહોંચી શક્યો હતો.

એનો પરિવાર પૂરે પૂરો કંટાળી ગયો હતો.
એના સંતાનોએ બરાબર વલોવી નાંખ્યું હતું.
**આટલું ઓછું હોય**
**એમ સાયન પાસે એની કારનો એકસીડન્ટ થયો.**
**એક છોકરો ત્યાં જ ખતમ થઈ ગયો.**
**પત્ની કોમામા જતી રહી**
**ને પોતાનો ડાબો પગ કપાવી દેવો પડ્યો.**
આ ઉપલક્ષણ છે
જીવનયાત્રાનું અને આવનારા ભવોની યાત્રાનું.
બ્રહ્મચારીની યાત્રા બીજા મિત્ર જેવી હોય છે,
અબ્રહ્મસેવીની યાત્રા પહેલા મિત્ર જેવી હોય છે.
બ્રહ્મચર્ય એટલે અવ્યાબાધ,
તમે પહોંચો ને રસ્તો સાફ
તમારું ભાવભીનું સ્વાગત.
તમારી યાત્રા આનંદયાત્રા.
ને તમે ટૂંક સમયમાં તમારી પાર્ટી ભેગા.
અબ્રહ્મચર્ય એટલે વ્યાબાધાઓનો દરિયો.
તમે પહોંચો ને વિઘ્નોની વણઝાર.
તમને કડક ચેતવણી.
તમારી યાત્રા દુઃખદયાત્રા... કષ્ટયાત્રા... ઉપાધિયાત્રા
અને હાય હાય યાત્રા.
તમે ટૂંક સમયમાં હોસ્પિટલ ભેગા.
અને તમે બધી રીતે બરબાદ અને ખાનાખરાબ.
બ્રહ્મચર્ય આપણને ખાતરી આપે છે,
**'તમે વફાદારીપૂર્વક મને અપનાવી લો,**
**તમને મોક્ષે પહોંચાડવાની જવાબદારી પણ મારી**
**અને જ્યાં સુધી તમે મોક્ષે ન પહોંચો**

**ત્યાં સુધી તમારી યાત્રાને**
**સુખની છોળોથી ભરી દેવાની જવાબદારી પણ મારી.'**
સામે પક્ષે અબ્રહ્મ પણ આપણને ખાતરી આપે છે,
'તમે મારા વફાદાર બની જાઓ,
તમને નિગોદ સુધી પહોંચાડવાની જવાબદારી પણ મારી
અને જ્યાં સુધી તમે નિગોદમાં ન પહોંચો
ત્યાં સુધી તમારા પર
કાતિલથી કાતિલ અત્યાચારો આવ્યા જ કરે
એની પણ જવાબદારી મારી.'
બોલો, હવે આપણે શું કરવું છે ?
**સ્ત્રીને પુરુષ પાસેથી જે જોઈએ છે,**
**તે હકીકતમાં બ્રહ્મચર્યથી જ મળી શકે છે.**
**બ્રહ્મચર્ય**
**એ સ્ત્રીનું ખરું ભોગસુખ છે.**
**પુરુષ**
**એ સ્ત્રીનો ભોગ લઈ લે છે.**
**મને પુરુષ જોઈએ છે = મને સુખ જોઈએ છે = મને બ્રહ્મચર્ય જોઈએ છે.**
**ખરો સવાલ મોહ છૂટતો જ નથી એનો નથી.**
**ખરો સવાલ ખોટી વ્યાખ્યાઓ અને ખોટા અર્થો પકડાઈ ગયા છે**
**એનો છે.**
બ્રહ્મચર્ય એટલે પીડા
બ્રહ્મચર્ય એટલે સુખનો અવરોધ,
બ્રહ્મચર્ય એટલે મોજ-મજાનું વિઘ્ન,
બ્રહ્મચર્ય એટલે હાથે કરીને વંચિત બનવું.
આ બધી જ ખોટી વ્યાખ્યાઓ છે.
પુરુષ એટલે સ્ત્રીનું સ્વર્ગ
પુરુષ એટલે મજા જ મજા

પુરુષ એટલે અખૂટ સુખ
આ બધી પણ ખોટી વ્યાખ્યાઓ છે.
ખરી વ્યાખ્યા તો આ છે
બ્રહ્મચર્ય એટલે સ્વર્ગ અને પુરુષ એટલે નરક.
માટે જ તો દુનિયામાં કહેવતો બની છે -

**વણપરણેલો પરણવા, પરણ્યો તજવા જાય,**
**લક્કડ કા લાડુ ખાય સો, ન ખાય સો પસ્તાય.**

માર્ક કરવાની વસ્તુ એ છે,
કે આ ધાર્મિક કહેવાત નથી,
પણ લૌકિક કહેવાત છે.
સંસાર ખુદ કાન પકડીને કબૂલ કરે છે,
કે પુરુષમાં સુખ છે જ નહીં,
એ દુઃખી થવાનો જ રસ્તો છો.
તો ય આપણે ગાંડા બનીને પુરુષ પાછળ દોડવું છે,
એનો અર્થ એ જ છે
કે આપણે દુઃખ પાછળ જ દોડવું છે.
સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું દશમું વિશેષણ કહે છે -

**अपुणब्भवं**

*બ્રહ્મચર્ય એટલે ફરી ફરી જનમવાની યાતનાઓનો અંત.*

યાદ આવે આચારવૃત્તિ -

**जरामरणदौर्गत्य–व्याधयस्तावदासताम् ।**
**मन्ये जन्मैव धीरस्य, भूयो भूयस्त्रपाकरम् ।।**

*ઘડપણ, મૃત્યુ, ગરીબી ને રોગોની વાત તો જવા દો*
*ફરી ફરી જનમવું જ પડે છે,*
*એ જ ધીરપુરુષ માટે ઢાંકણીમાં પાણી લઈને*
*ડુબી મરવા જેવી શરમજનક વાત છે.*

બ્રહ્મચર્ય કહે છે -
"તું મને અપનાવી લે
તારે ફરી ફરી ગર્ભમાં ઊંધા માથે લટકવું ન પડે,
મળ-મૂત્રમાં આળોટવું ના પડે
જઠરાગ્નિથી શેકાવું ના પડે
તપાવેલા સાડા ત્રણ કરોડ સોયા
એક સાથે શરીરમાં ઘોંચી દેવાય
એના કરતા આઠગણી વેદના નવ નવ મહિના સુધી વેઠવી ના પડે,
આડા આવીને કપાઈ જવું ન પડે
અને ગર્ભાવાસ કરતા અનંતગણી વેદના વેઠીને
સાક્ષાત્ નરકને અનુભવીને
તમારે જન્મ ન લેવો પડે,
એની બધી જ જવાબદારી મારી."
અપુનર્ભવ એટલે મોક્ષ
**બ્રહ્મચર્ય એ મોક્ષ છે કારણ કે એમાં મોક્ષનો આનંદ છે.**
**બ્રહ્મચર્ય એ મોક્ષ છે**
**કારણ કે એનું નામ પડતાની સાથે જન્મ-જરા-મરણો**
**ઊભી પૂંછડીએ ભાગી છૂટે છે.**
**બ્રહ્મચર્ય એ મોક્ષ છે**
**કારણ કે એના સુખને સંસારના કોઈ જ પદાર્થની અપેક્ષા નથી,**
**બ્રહચર્ય એ મોક્ષ છે**
**કારણ કે ઈન્દ્રો સુદ્ધા એના આનંદને ઝંખે છે**
**બ્રહ્મચર્ય એ મોક્ષ છે**
**કારણ કે એ નિશ્ચિત્તરૂપે મોક્ષમાં લઈ જાય છે.**
જે અવન્ધ્ય કારણ હોય એમાં કાર્યનો ઉપચાર થાય,
બ્રહ્મચર્ય અવન્ધ્ય કારણ છે, મોક્ષ એ કાર્ય છે = પરિણામ છે.
માટે બ્રહ્મચર્ય એ મોક્ષ છે.

મોક્ષ જોઈએ છે, પણ બ્રહ્મચર્ય નથી જોઈતું,
એનો અર્થ એ છે કે
જળ જોઈએ છે, પણ પાણી નથી જોઈતું.
અથવા
આરોગ્ય જોઈએ છે, પણ ઔષધ નથી જોઈતું.
અથવા
શિક્ષણ જોઈએ છે, પણ શિક્ષક નથી જોઈતા.
પણ એ શક્ય જ નથી.
તમને મોક્ષ જોઈએ છે,
તો તમે મનમાં, સજ્જડ ફીટ કરી દો કે તમને બ્રહ્મચર્યની જ જરૂર છે.
સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું અગિયારમું વિશેષણ કહે છે -

**पसत्थं ।**

*બ્રહ્મચર્ય એ પ્રશસ્ત છે.*

*સારું છે.*

જેને બહુ તત્ત્વનું ઊંડાણ નથી ફાવતું,
એ ય એટલું તો સમજે છે -
કે આપણી પાસે જે હોય એ સારું હોવું જોઈએ.
ખરાબ ન હોવું જોઈએ.
**બ્રહ્મચર્ય એ સારું છે.**
**અબ્રહ્મ એ ખરાબ છે.**
**બ્રહ્મચર્ય જાહેરમાં પાળી શકાય છે.**
**અબ્રહ્મ માટે છૂપાવું પડે છે.**
**બ્રહ્મચારી આદરણીય બને છે.**
**અબ્રહ્મસેવી લજ્જનીય બને છે.**
**બ્રહ્મચર્ય સમ્યક્ ફળ દાયક છે**
**ને અબ્રહ્મ એ ભયંકર ફળ દાયક છે.**
**માટે જ બ્રહ્મચર્ય એ સારું છે ને અબ્રહ્મ એ ખરાબ છે.**

જરા બંધ આંખે એક દૃશ્ય જોવાનો પ્રયાસ કરીએ -
એક સાધ્વીજી ભગવંત છે.
સવારે જાગીને નવકાર ગણીને પ્રતિક્રમણમાં પરોવાય છે.
પડિલેહણ કરીને ગુરુનું પડિલેહણ કરીને તેમની સાથે દેરાસર જાય છે.
ભાવથી ત્યાં ચૈત્યવંદન કરીને સ્વાધ્યાયમાં લીન થઈ જાય છે.

* * * * *

એક સ્ત્રી સવારે ઉઠતાની સાથે
કામોના બોજને માથે પડેલો જુએ છે.
રઘવાઈ બનીને ઘરમાં ઝાડું કાઢીને પાણી ભરે છે.
કુલ ૭-૮ વાર એના દીકરાને બૂમ મારીને ને પછી
સારી એવી બૂમાબૂમ કરીને એને જગાડે છે.
એને બાથરૂમમાં ઢસડી જઈ એને પરાણે નવડાવે છે.
**એનો પતિ એને કંઈક સલાહ આપવા જાય છે,**
**તો એ વાઘણની જેમ વીફરે છે.**
**એ જાણે પતિને જીવતો ફાડી ખાવાની હોય,**
**એવી ભયંકર જીભાજોડી કરે છે,**
પતિ એને બે ગાળ સંભળાવે છે,
એ રડવા લાગે છે ને મરી જવાની વાત કરે છે,
એનો કુમળી વયનો છોકરો આ બધું જોઈને ગભરાઈ જાય છે,
અને ભેંકડો તાણીને રોવા લાગે છે.
પત્ની પગ પછાડતી એના રૂમમાં જતી રહે છે.
પતિ ગાળાગાળી કરવાનું ચાલું રાખીને બાળકને નાસ્તો કરી લેવા કહે છે.
બાળક ભેંકડો ચાલુ રાખે છે
તો એ એને એક તમાચો લગાવી દે છે.
એ ઓર જોરથી ભેંકડો તાણે છે,
એટલે પત્ની ચાર ગણી વીફરીને
સમજાય નહીં એવો આક્રોશ કરતી કરતી

બાળકનો હાથ પકડીને રસોડામાં લઈ જાય છે.
પેલો બિચારો છાનો રહે,
એની પહેલા એને પરાણે નાસ્તો ચાલુ કરવો પડે છે.
ત્યાં તો બસનો હોર્ન વાગે છે.
**જાણે ધરતીકંપનો આંચકો આવ્યો હોય**
**એમ આખા ઘરમાં એક ધ્રાસકો પડે છે.**
**બાકીનો નાસ્તો બાકી જ રહે છે,**
**ને મમ્મી લગભગ બહાવરી બનીને**
**એક હાથે સ્કુલબેગ ને બીજા હાથે બાળકનો હાથ પકડીને દોડે છે.**
એ બિચારો અડધો ઘસડાઈ રહ્યો છે.
મમ્મી ઝપાટાબંધ દાદરા ઉતરી રહી છે.
એક પગથિયે તો બે ય ભયંકર રીતે પડતા પડતા રહી જાય છે.
અદ્ધર શ્વાસે જાણે ઓલમ્પિકની રેસના ડેસ્ટિનીને સર કરતા હોય
તેમ બંને બસ સુધી પહોંચે છે.
મમ્મીને શાબાશીની બદલે બસવાળા માણસનો ઠપકો મળે છે,
'તમને સમયની કશી પડી જ નથી,
પહેલાથી અહીં આવીને ઊભા રહેતા હો તો ?'

* * * * *

સાધ્વીજી ભગવંત પરમ પાવન આચારાંગસૂત્રની ચૂલિકા
વિમુક્તિ અધ્યયનમાં ડુબકી લગાવી ચૂક્યા છે.
**इमम्मि लोए परए य दोसु वि, ण विज्जइ बंधण जस्स किं चि वि ।**
**से हु णिरालंबणमप्पइट्ठिए, कलंकलीभावपहं विमुच्चइ ।।**
નથી જેને આલોકનું ય કોઈ બંધન,
ને નથી જેને પરલોકનું ય કોઈ બંધન,
**શ્રામણ્ય એટલે નિર્બંધ અસ્મિતા.**
**શ્રામણ્ય એટલે મુક્તિની અનુભૂતિ.**
**શ્રામણ્ય એટલે પારમ્યનું પીયૂષ.**

**શ્રામણ્ય એટલે સ્વાનુભૂતિની સૂધા.**
**શ્રામણ્ય એટલે આકાશ, જ્યાં કોઈ ટેકા નથી,**
**ટેકાની જરૂર જ નથી.**
શ્રામણ્ય એટલે નિરાલંબનતા.
શ્રામણ્ય એટલે અપ્રતિષ્ઠિતતા.
જ્યાં પોતે જ પોતાના આધાર છે એવી દશા.
જ્યાં કોઈ આપણી પ્રતિષ્ઠા કરે
એવો વિકલ્પ સુદ્ધા નથી એવી દશા.
જ્યાં કાંઈ કરવાની જરૂર જ નથી,
જ્યાં હોવું એ જ પ્રતિષ્ઠા છે એવી દશા.
જ્યાં હવે ગર્ભાવાસાથી માંડીને મૃત્યુ સુધીની વિડંબનાઓ
ત્યક્તા થઈને માથું કૂટી રહી છે એવી દશા.
જ્યાં મુક્તિરમણી આંખોમાં અનુરાગનું અંજન આંજીને
હાથમાં વરમાળા લઈને
રુમઝુમ કરતી સમીપ ને સમીપ આવી રહી છે એવી દશા.
કલ્પના કરો,
સાધ્વીજી ભગવંત કેવા ખુલ્લા આકાશમાં ઉડતા હશે !
કેવી મસ્તી માણતા હશે !
કેટલા આનંદમાં મહાલતા હશે !
**आनन्दो मे निजं रूपम् ।**
આ પદ તેમના માટે કેવું ચરિતાર્થ થયું હશે !

* * * * *

શ્રીમતીજી બસના માણસનો તમાચો ખાઈને વીલે મોઢે દાદરા ચઢી રહ્યા છે.
ઘરમાં આવીને બે મિનિટ બેડ પર ચત્તાપાટ થઈ જવાનો વિચાર કરે છે.
બે યુદ્ધ વચ્ચે થોડો વિશ્રામ તો હોવો જોઈએ ને,
પણ ત્યાં તો સાસુમા અંદરના રૂમમાંથી પ્રગટ થાય છે,

**એમનું મ્હેણું કહેવાય એ પહેલા સંભળાઈ જાય છે,**
**ને શ્રીમતીજી તરત જ બીજા યુદ્ધના શ્રીગણેશ કરી દે છે.**
એમણે નાસ્તો કરવાનો બાકી છે એનો કોઈને ખ્યાલ નથી,
પણ 'આજના મહાભારતે સવારનો નાસ્તો
અસ્તવ્યસ્ત કરી દીધો' એ ધ્રુવ પંક્તિવાળું ગીત
બધાના મનમાં વાગી રહ્યું છે.
ફરી આજે ય પરાતમાં લોટ પડ્યો, પલળ્યો,
એના પેટમાં તેલ રેડાયું
ને શેઠાણી બરાબર મજૂરીએ લાગ્યા.
એ જ શાકના સમારકામ... કૂકરમાં દાળ-ભાત-
કપડા ધોનારી બાઈની કડાકૂટ...
નણંદનું સૂચન - 'પ્લીઝ આ શાક હવે નહીં બનાવતા હં,
એક તો એ મને બિલકુલ ભાવતું નથી,
ને ઉપરથી તમે બનાવો પણ એવું છો ને ?'
બીજા ચાર તમાચા ખાઈને
શ્રીમતીજી રોતી આંખે પાછા યુદ્ધમાં પરોવાયા.
ત્યાં પતિદેવનો ફોન રણક્યો... એ તો બાથરૂમમાં છે.
**શ્રીમતીજીએ જોયું તો કોઈ 'અનિતા'નો કોલ હતો.**
**ખેલ ખલાસ. માથું ધમધમાટ.**
**એટલો ગુસ્સો આવ્યો કે**
**'શાકમાં બે મુટ્ઠા ભરીને મરચું નાંખી દઉં.'**

* * * * *

સાધ્વીજી ભગવંત એમના ગુરુણીજી પાસે
જ્ઞાનસારનો પાઠ લઈ રહ્યા છે -
**मज्जत्यज्ञः किलाज्ञाने विष्टायामिव शूकरः ।**
**ज्ञानी निमज्जति ज्ञाने मराल इव मानसे ।।**

અજ્ઞાની રમે છે અજ્ઞાનમાં.
જે હું નથી એને એ હું માને છે,
જે મારું નથી એને એ મારું માને છે,
જે નિત્ય નથી એને એ નિત્ય માને છે,
જે દુઃખહેતુ છે એને એ સુખહેતુ માને છે.
જે સુખહેતુ છે એને એ દુઃખહેતુ માને છે.
બસ,
એ અજ્ઞાનમાં જ રમ્યા કરે છે.
દુનિયાની સૌથી વધુ ગંદી ને ગંધાતી અશુચિ છે અજ્ઞાન.
એને એ હોંશથી સૂંઘે છે, એને ચાખે છે,
એને ખાય છે, એને ઝાપટે છે, એના પર તૂટી પડે છે
ને એના પર જ આળોટે છે.
માટે જ ખરો ભૂંડ કોઈ હોય, તો એ છે અજ્ઞાની.
જ્ઞાની શું કરે છે ?
સત્યમાં રહે છે, પથ્યમાં રમે છે, તત્ત્વમાં રમે છે,
સંવેગ અને વૈરાગ્યમાં રમે છે,
નિર્વેદ અને નિઃસંગતામાં રમે છે,
બ્રહ્માનંદ અને સાધનાનંદમાં રમે છે.
ટૂંકમાં જ્ઞાનમાં રમે છે
**જ્ઞાન એટલે માનસસરોવર**
**જ્યાં છે શીતળ સમીરની લહરીઓ,**
**જ્યાં છે મનોહર કમળવનો,**
**જ્યાં છે મોતીનો ચારો.**
**જ્યાં છે મસ્તીનો મહોત્સવ.**
**એમાં હંસ બનીને ખેલે છે જ્ઞાની.**
**ઈન્દ્ર ખુદ ઝંખે છે,**
**ક્યારે મને ય આવું સુખ મળે !**

આજે જ્ઞાનાષ્ટકનો પાઠ થયો.
અવર્ણનીય આનંદ... અકલ્પ્ય અનુભૂતિ...
માનસસરોવરની મજા તે જેવી તેવી થોડી હોય.
અદ્ભુત સંતોષ સાથે સાધ્વીજી એમના ગુરુણીને વંદન કરી રહ્યા છે.
ત્યાં એમના ગુરુબહેન આવીને એમને કંઈક પૂછે છે
ને એ નારાજ થઈ જાય છે.
ગુરુણીને ફરિયાદ કરે છે,
‘‘આમને કહી દો કે એ મને શરમાવે નહીં,
મેં કહ્યું જ છે કે ઉપકરણો માંડલીના જ છે, મારા નથી,
એટલે મને પૂછ્યા વિના જ લઈ જવાના.’’
ગુરુણીજી જરા મલક્યા.
ગુરુબહેને બચાવ કર્યો, ‘‘વાત તો તમારી સાચી જ છે,
પણ આજે તરપણી નહીં ઝોળી લઈ જવી હતી ને, એટલે...’’
‘‘ઝોળી પણ ઉપકરણ જ છે, બધું લઈ જવાનું.
જે દિવસે ન લઈ ગયા કે પૂછવા આવ્યા એ દિવસે તમારી કિટ્ટા.’’
‘‘આ તો આપને ય ગોચરી જવાનું થાય તો...’’
‘‘તો હું બીજાને લાભ આપીશ. પણ હવેથી આમ...’’
‘‘આમ તો કરવું જ પડશે ને,
જુઓ આ આપણા ઝગડા જોઈને ગુરુ મહારાજનું લોહી વધતું જાય છે.’’

* * * * *

હાઉ ડેર યુ ?, તમે મારા ફોનને હાથ લગાડ્યો જ કેમ ?
તું મારા ફોનને નથી અડતી ?
ક્યારે અડી એ બોલો ? તમારી પાસે કોઈ સાબિતી છે ?
આ કોર્ટ નથી ઘર છે, અહીં વકીલની ભાષામાં વાત નહીં કરવાની,
તો તમારે ય પોલિસની ભાષામાં વાત નહીં કરવાની. હું ચોર નથી.
ચોર નથી તો છૂપાડે છે શા માટે ? મને તારો ફોન ચેક કરવા દે.

એ મારી પર્સનલ મેટર છે, એમાં ચોરીનો કોઈ સવાલ નથી.
એવું જ છે તો બોલ, સવારે બાથરૂમમાં કોની સાથે વાત કરતી હતી ?
હું... હું... બાથરૂમમાં ફોન લઈ જ ન'તી ગઈ.
તો પછી તું પાગલની જેમ એકલી એકલી વાત કરતી હોઈશ,
કારણ કે મેં વાતો તો સાંભળી જ છે.
બાથરૂમ પાસે કાન માંડે એ ચોર કે હું ચોર ?
જબાન સંભાળીને બોલ.
તમે ચોર... તમારો બાપ ચોર... તમારું આખું ખાનદાન ચોર...

* * * * *

સાહેબજી ! આજે જોગ નથી.
'ભલે બહેન. કોઈ વાંધો નહીં, ધર્મલાભ.'
કેવો સરસ શ્લોક આપ્યો છે ભગવાને -
**लभ्यते लभ्यते साधु साधु एव न लभ्यते ।**
**अलब्धे तपसो वृद्धि - र्लब्धे तु प्राणधारणम् ।।**
ગોચરી મળે છે, એ પણ સારું છે
ને નથી મળતી એ પણ સારું છે.
મળે તો સાધના થશે / સંયમજીવન ટકશે.
નહીં મળે તો ઉપવાસ / ઉણોદરી થશે,
સાધ્વીજી જિનવચનની અમૃત વર્ષામાં સ્નાન કરતા કરતા ઉપર ચડ્યા.
દ્રવ્યથી ય ઉપર... ભાવથી ય ઉપર...
''ધર્મલાભ.''
''પધારો પધારો સાહેબજી.''... ''બસ.... ધર્મલાભ.''
**''કેવા મહારાજ સાહેબ હતા ને,**
**એકદમ નિઃસ્પૃહ એકદમ સંયમી...''**
**આ આપણે ઝાપટી જવા ને ઝૂંટવી લેવા લડ્યા કરીએ છીએ.**
**ને એ - નહીં - ખપ નથી - નથી જોઈતું - કર્યા કરે છે.''**

* * * * *

જો હું તમને કહી દઉં છું.
પાનેરીમાં મેં પસંદ કરી રાખી છે એ સાડી લઈને આવજો.
મારું નામ આપશો એટલે એ સાડી આપી દેશે.
કિંમત એ કહેશે.
ના, હું હમણાં નહીં કહું.
મોઘું શું પડે ? આ તમારો મોબાઈલ મોંઘો નથી પડતો,
આ કાર મોંઘી નથી પડતી, ને મારી સાડી મોંઘી પડે છે ?
ન પોસાય તો વેંચી મારો એ બ્લેક બેરી ને એક ડબલું રાખી લો.
તમારી નજર હંમેશા પૈસા પર જ હોય છે,
તમને મારી ફીલિંગ્સની કોઈ કિંમત જ નથી,
તમારું ચાલે તો તમે મને ય વેંચી મારો.
હું તો જીભ સંભાળીને જ બોલું છું,
**તમે કદી મને સંભાળી છે ખરી,**
**આના કરતા તો હું મરી જઉં એ સારું.**
**જો જો તમે એક દિવસ,**
**ઓફિસથી આવશો ને મારી લાશ પંખે લટકતી હશે,**
ના, હવે મારે કાંઈ જ સાંભળવું નથી હું ફોન મુકું છું.

* * * * *

''પ્લીઝ, મને લાભ આપો,
બસ, આટલું લઈ લો, તમારે હવે ઓળી ઉપાડવાની છે,
ના, મારે બધું આવી ગયું છે.''
''તમે હંમેશા બધાને બધું આપી દો છો,
પછી તમારા માટે કાંઈ રહેતું નથી,
બચ્યું-કુચ્યું વાપરીને તમે ઊભા થઈ જાઓ છો.
ને પછી બધાનો જીવ બળે છે.''
''પ્લીઝ, આટલો લાભ આપો ને ?''
''ના, હવે અમે બધાએ નક્કી કર્યું છે કે તમને કોઈ લાભ ન આપવો.''

**"ગુરુ મહારાજ, આમને કહો ને ?"**
**"એમ કરો, એમને થોડો લાભ આપી દો,**
**નહીં તો એમનું લોહી બળશે એટલે એનું એ જ થશે.**
**એ જ્યાં સુધી ભક્તિ ન કરે ત્યાં સુધી એમને ચેન નથી પડતું."**

* * * * *

"આજે બે વાગે કિટી-પાર્ટી છે, મને આવતા સાડા ચાર-પાંચ થઈ જશે."
"ત્રણ કલાકની કિટી પાર્ટી માટે ત્રણ કલાક
તારો ઠઠારો ને મેક-અપ ફેક-અપ ચાલ્યા કરે છે."
"એમાં તમારું શું જાય છે ?
મેં ઘરનું કોઈ કામ બાકી રાખ્યું છે ?
કિચન કલીન થઈ ગયું છે, કપડાં લઈને વાળી દીધા છે.
ડ્રોઈંગ રૂમમાં પણ બધું ઠીક-ઠાક કરીને વ્યવસ્થિત મુકી દીધું છે."
"હજી શ્વેતુનો કબાટ અસ્તવ્યસ્ત છે."
"આઈ એમ નોટ હિસ સર્વન્ટ. એટલું તો એ કરી શકે છે."
"એ એનું કામ નથી."
"તો પછી તમે કરી લો. હું પાર્ટીમાં જાઉં છું."
"તું આળસું થઈ ગઈ છે."
"ના, તમને મારી જેલસી થઈ ગઈ છે,
હું પાર્ટી એન્જોય કરું તો તમને પેટમાં દુઃખે છે."
"મેં તને જવાની ના નથી પાડી, કામ પૂરું કરીને જા એમ જ કહ્યું છે."
**"તમને હું સુખી થાઉં એ જ નથી ગમતું,**
**મારા દરેક સુખમાં તમે ટાંગ અડાડો છો."**
**"તું બોલવામાં ભાન રાખ, તું એક ખાનદાન ઘરની વહુ છે."**
**"ખાનદાન ઘરની દીકરી કહો, વહુ નહીં."**

* * * * *

ભગવાને આ પડિલેહણનો કેટલો સરસ યોગ બતાવ્યો !
નાનામાં નાના જીવની પણ કેટલી કાળજી !

કેવી પરાકાષ્ઠાની જીવદયા !
દુનિયામાં કોઈ ધર્મમાં આવું બતાવ્યું નથી !
આ તો રોજે રોજ સંયમ મહોત્સવ થઈ ગયો.
ઉપયોગપૂર્વક પડિલેહણ કરીએ
એટલે અંદર કેવો આનંદ આનંદ છવાઈ જાય છે.
**ખરેખર**
**આ સંયમ લઈને હું ફાવી ગઈ.**

* * * * *

''પણ મારી બધી ફ્રેન્ડ્સના મોબાઈલ ૬૦,૦૦૦ અપ છે
તો મારે આવું ડબલું કેમ રાખવાનું ?''
''તારું કયું કામ અટકે છે એ બોલ.''
''સવાલ કામનો નથી, સ્ટેટસનો છે,
પાર્ટીમાં મારે બધાની વચ્ચે શરમાવું પડ્યું.
પેલીએ બધા વચ્ચે મારું ઈન્સલ્ટ કર્યું....''
'તારા એ તકલીફમાં છે ?'
ના, હવે હું આ ડબલું નહીં રાખું.'
''એ ડબલું નથી, ૩૫,૦૦૦ નો ફોન છે.
એમાં બધાં જ ફંકશન્સ છે
ને એ તને સર્વિસ પણ સારી આપે છે.''
''તમે સીધું કહી દો ને કે તમારે ખર્ચો નથી કરવો.''
''જો, તને સાચું કહું તો આપણને એ પોસાય એમ નથી,
તારી ફ્રેન્ડ પાસે લાખ રૂ.નો મોબાઈલ આવી જાય
તો મારે એ ય અપાવવો પડશે ?
આવી રેસ લગાવવાની આપણી કેપેસીટી નથી.''
**''હું તમને પરણી એ જ મારી ભૂલ થઈ ગઈ.''**
**''તારી વાત સાચી છે, કોઈ સેલ ફોનના સ્ટોરવાળાને પરણી હોત,**
**તો રોજ નવો ફોન માંગી શકત.''**

''દોઢ વર્ષમાં પહેલી વાર નવો ફોન માંગ્યો છે,
અપાવવાની તમારી તેવડ નથી ને મને ટોન્ટ મારો છો.''
''હજી બપોરે તું સાડીની ડિમાન્ડ કરતી હતી
ને હવે ફોનની ડિમાન્ડ કરે છે
તો તું જ કહે તારે જોઈએ છે શું ?''
''મને ઝેર જોઈએ છે ઝેર. મારી નાંખો મને.''

* * * * *

''જુઓ હજી તમે નવા છો ને, એટલે ભૂલ તો થાય,
મારો ઓઘો બાંધતા કરચલી વળી ગઈ.
એમાં તમારા મનમાં કેમ કરચલી વાળો છો ?
ઓઘા કરતા ઓઘાધારક વધુ મૂલ્યવાન છે.
તમે આમ નર્વસ થઈ જાઓ, એ અમને જરા ય ન પાલવે.
તમે બિલકુલ ચિંતા ન કરો,
આજે સવારે કાજો લેતા ય તમે મૂંઝાઈ ગયા હતા.
હું તમને બધું જ શીખવાડીશ.
અમને પણ ધીમે ધીમે જ બધું આવડ્યું હતું.
આ બધી વસ્તુ એવી છે ને કે કરતા કરતા આવડી જાય.
મેં તો પહેલો ઓઘો બાંધ્યો'તો ને ?
પૂરી ચાલીશ મિનિટ થઈ હતી,
ને પૂરી ચાર કરચલી વળી હતી.
દર દશ મિનિટે એક કરચલી.
**તમે તો આટલો જલ્દી ઓઘો બાંધી દીધો**
**ને ખાસ કોઈ કરચલી ય નથી પડી,**
**તમે તો મારા કરતાં ય બહુ આગળ વધવાના.''**
''તમે બહુ જ સારા છો.''

* * * * *

''આર્યન્‌ની મમ્મી.... ઓ અનીષાબહેન.. બારી ખોલો.

જુઓ આ તમારા આર્યને આને કેવું માર્યું છે.
એની ચામડી નીકળી ગઈ છે. લોહી નીકળ્યું છે.
રડી રડીને એની આંખો લાલ લાલ થઈ ગઈ છે.''
''મારો છોકરો એવું કરે જ નહીં.''
''એણે જ કર્યું છે તમે એને પૂછો તો ખરા.''
''કર્યું હોય તો એનું કારણ હશે, એણે એને સતાવ્યો હશે
તમને તમારા છોકરાનો દોષ કદી દેખાતો જ નથી.
આખી સોસાયટી એનાથી કંટાળી ગઈ છે.
રોજ એના નવા ઉધામા હોય છે.''
''આ આર્યન્‌નો ઉધામો નજર સામે દેખાય છે.
ને તો ય તમે એને કાંઈ કહેવા તૈયાર નથી ?
મારો દીકરો આટલું રડે છે તો ય તમે એના માથે માછલા ધોવો છો ?
શરમ નથી આવતી તમને ?''
**''મને માછણ કહેતા તમને શરમ નથી આવતી ?**
**તમારા સંસ્કાર જ એવા છે**
**તમારો છોકરો જ્યાં જશે ત્યાં માર ખાવાનો.''**
''તમે આવો નીચે,
આજે જોઈએ કોણ માર ખાય છે ?''

* * * * *

**આજે બધા મહાત્માઓને પાણી ચૂકવડાવ્યું. કેટલી મજા આવી !**
**કેટલું મધુર છે સંયમજીવન !**

* * * * *

''જો હું ઓફિસથી સખત થાકીને આવ્યો છું.
તું રોજ મમ્મી, પપ્પા અને બહેનની ફરિયાદોની વણઝાર છોડે છે,
આજે બે-ત્રણ પાત્રો ઓર ઉમેરાયા છે
દોઢ કલાકથી તું એક ધારી બોલે જાય છે.
હવે મારી સહનશક્તિ નથી મારે આરામ કરવો છે.''

''મારા ઉપર આખું આકાશ તૂટી પડ્યું છે ને તમારે આરામ કરવો છે ?''
''જો આજે આ વાત અહીં રાખ ને મને સૂઈ જવા દે,
આપણે કાલે વાત કરશું.''
''ના, મારે આજે જ ફેસલો કરવો છે.''
''એટલે તું કહેવા શું માંગે છે ?''
''મારે સેપરેટ થવું છે.''
''એમાં તારી ઉપાધિ સો ગણી થઈ જવાની છે.
તું ખરેખર મેનેજ નહીં કરી શકે.
એ ખૂબ અઘરું છે ને ઘણી રીતે અઘરું છે.
તારી ફ્રેન્ડ બિન્દીનું શું થયું તે જોયું ને ?''
**''હા જોયું, ભલે હું પણ એની જેમ સ્યુસાઈડ કરી દઈશ.
પણ મારે સેપરેટ થવું છે.''**
**''એ પોસિબલ નથી મારી પાસે પણ એટલી સગવડ નથી.''**
**''તો પછી મારે તમારાથી ય સેપરેટ થવું છે, હું તમને
ડિવોર્સ આપવા માંગું છું.''**

* * * * *

''કેમ આજે વંદન કરતા આંખો ભરાઈ આવી હતી ?''
''આપનો કેટલો ઉપકાર !
આપે મને આ સંસારમાંથી કાઢી મને આવું સંયમ આપ્યું.
આ બધો જ આપનો ઉપકાર.
આપ ન મળ્યા હોત તો આજે ક્યાંય હોત !
ભવોભવ આપ ગુરુરૂપે મળજો.
ભવોભવ આપની સેવા મળજો.
**સંયમજીવનનો આનંદ જેમ જેમ વધતો જાય છે,
તેમ તેમ આપના ઉપકારોનું ઋણ વધુ ને વધુ અનુભવાય છે.''**

* * * * *

''બેટા, આજુ-બાજુવાળા બધા તમાશો જુએ છે,

એને કાંઈ સમજાવ, આ રીતે ન ઝગડે.''
''મારે સમજવાની જરૂર છે કે તમારે સમજવાની જરૂર છે.
તમે મને આટલો ત્રાસ આપો ને મારે કાંઈ કહેવાનું જ નહીં ?''
''એ આટલો થાકીને આવ્યો છે, હવે બે કલાક થયા,
હવે તો એને આરામ કરવા દે !!!''
''મારું જીવન હરામ કરીને તમારે આરામ કરવો છે એમ ને ?''
''બેટા, હવે તું કાંઈ ન બોલતો, એને બોલવાનું કોઈ ભાન જ નથી.''
**''હા, હું બેભાન થઈ ગઈ છું, ને બધું ભાન તમને જ છે,**
**બધા ભેગા થઈને મારી નાંખો મને.''**

* * * * *

**मूढ मुह्यसि मुधा मूढ मुह्यसि मुधा,**
**विभवमनुचिन्त्य हृदि सपरिवारम् ।**
**कुशशिरसि नीरमिव गलदनिलकम्पितं,**
**विनय जानीहि जीवितमसारम् ।।**

'કેવું અદ્ભુત છે આ શાંતસુધારસ...
વૈરાગ્યરસના ઝરણા... શુભ ભાવનાઓની ભરતી...
સંસારનો સાક્ષાત્કાર... આત્માની અનુભૂતિ
બસ,
જાણે રીતસર અમૃતનો વરસાદ !'
''ઓહ, ગુરુ મહારાજ આપ ?
મિચ્છામિ દુક્કડમ્, મને ખબર જ નહીં.''
''જો બેટા, હવે સવા દશ થઈ ગયા છે, હવે સંથારી જાઓ હો,
સવારે વહેલા ઉઠવાનું છે.''
''જી ગુરુ મહારાજ, આપ મારું કેટલું ધ્યાન રાખો છો !''

* * * * *

રામાયણ અને રામરાજ્ય બંનેના કેન્દ્રમાં તો રામ જ છે,
પણ બંને અલગ અલગ છે.

બંનેમાં આસમાન-જમીનનો તફાવત છે.
સંસાર અને સંયમ
બંને ક્ષેત્રમાં કેન્દ્રમાં તો આપણે જ હોઈએ છીએ.
પણ બંનેમાં આસમાન-જમીનનો તફાવત છે.
એકમાં રામાયણ છે. બીજામાં રામરાજ્ય છે.
સંસાર ખરાબ છે, સંયમ સારું છે.
સુધર્માસ્વામી ભગવાન આ આખી ય વાતનો સાર
એક જ શબ્દમાં આપી રહ્યા છે - **पसत्थं**.
સંસાર ખરાબ છે, સંયમ સારું છે.
કદાચ પ્રશ્ન ઉઠાવાય કે
'સંસારમાં કાંઈ બધે જ આવી ઉપાધિ નથી હોતી.
એવા પણ ઘરો હોય છે જ્યાં પ્રેમ અને શાંતિ હોય છે.'
Well, હશે, પણ કેટલા ટકા ?
ને આપણો નંબર એમાં લાગશે ? લાખોમાં એકમાં ?
જ્યાં પ્રેમ અને શાંતિ હોય પણ છે,
ત્યાં ય ક્યાં લગી હોય છે ?
સંસારમાં બાયચાન્સ લાખોમાં એકને પ્રેમ-શાંતિસભર ઘર મળ્યું હોય,
તે એક અલ્પકાલીન દુર્લભ ઘટના હોય છે.
એ અલ્પકાળમાં જે પ્રેમ-શાંતિનું સુખ મળે છે
એનું કારણ પણ સંયમ જ હોય છે,
કારણ કે નિરંકુશ આકાંક્ષાઓમાં તો
પ્રેમ અને શાંતિ શક્ય જ નથી.
પ્રશ્ન કરી શકાય,
કે 'તમે તો સંયમજીવનમાં પરિણતિ, સ્વાધ્યાયની મસ્તી,
મૈત્રીપૂર્ણ વાતાવરણ, પરસ્પરનો પ્રેમભાવ વગેરેની જ વાત કરી,
પણ ત્યાં ય ક્યાં કષાયો નથી હોતા ?
સાધ્વીજીઓમાં પણ શું વિભાવો નથી હોતા ?'

હોઈ શકે, હશે, પણ કેટલા ટકા ?
સંસારીઓની તુલનામાં કેટલા ટકા ?
ને એ પણ ક્યાં સુધી રહેશે ?
I mean, સંયમજીવનનું માળખું જ એવું છે
કે વિભાવો જાગે, તો ય લાંબો સમય ન ટકે.
સંયમજીવનમાં વિભાવ આવ્યો હોય,
એનું કારણ પણ સંસાર જ હોય છે.
જ્યાં સુધી સંસારનો આંશિક પણ પ્રવેશ ન થયો હોય,
ત્યાં સુધી તો સંયમ લીલુંછમ જ હોય છે.
તો વાત તો ત્યાં જ આવીને ઊભી રહી -
**સંસાર ખરાબ છે**
**સંયમ સારું છે.**
**पसत्थं.**
સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું બારમું વિશેષણ કહે છે -

**सोम्मं ।**

બ્રહ્મચર્ય એ સૌમ્ય છે.

અબ્રહ્મ એ કઠોર અને કઠિન છે.

બ્રહ્મચારીએ હિંસા કે હત્યા કરી હોય એવો દાખલો નહીં મળે.
અબ્રહ્મસેવી હજી તો જેની સાથે અબ્રહ્મ સેવ્યું,
એની જ હત્યા કરીને ફરાર થઈ જાય,
એવા દાખલા દુનિયાભરમાં સતત બન્યા કરે છે.
કેટલાય દાખલાઓમાં તો જેની હત્યા કરાઈ,
એ એની પત્ની, પતિ, પ્રેયસી કે પ્રિયતમ પણ હોય છે.
આવું કેમ થઈ શકે ? આવું બની જ કેમ શકે ?
પ્રેમ તો કેટલો કોમળ હોય, કૂણો હોય, ભીનો ભીનો હોય,
એમાં આવું કેમ બની શકે ?
સુધર્માસ્વામી ભગવાન એ જ જવાબ આપે છે - **सोम्मं.**

**જ્યાં બ્રહ્મચર્ય નથી, ત્યાં સૌમ્યતાની સંભાવના નથી.**
**વિષયી કઠોર હોય છે, યા બની જાય છે.**
**જ્યાં વિષયરાગ છે, ત્યાં જીવદ્વેષ આવી જાય છે.**
**વિષયી સગા મા-બાપની હત્યા કરી દેતા અચકાતો નથી,**
**તો પછી એ બીજું તો કયું કુકર્મ ન આચરે ?**
અબ્રહ્મમાં નકરી કઠોરતા છે, નિષ્ઠુરતા છે, નિર્દયતા છે,
બ્રહ્મમાં શુદ્ધ કોમળતા છે.
અબ્રહ્મમાં સ્પૃહાઓ છે અને સ્પૃહાઓને પૂરી કરવા માટે
ગમે તેટલા નીચે ઉતરવાની સજ્જતા છે,
બ્રહ્મમાં નિઃસ્પૃહતા છે, તેથી નીચે ઉતરવાનું કોઈ કારણ નથી.
અને માટે જ એની સૌમ્યતાને કોઈ આંચ આવતી નથી.
અબ્રહ્મનું બેકગ્રાઉન્ડ એક જ છે - 'મને સુખ જોઈએ.
મને કોઈ જ તકલીફ ન પડવી જોઈએ
અને મારા સુખને કોઈ અવરોધ નડવો ન જોઈએ.'
પછી જરાક અવરોધ આવે ને અબ્રહ્મ વીફરે છે.
એ ચોરી કરી શકે છે, એ તોડફોડ કરી શકે છે.
એ ઠંડે કલેજે બીજાની હત્યા ય કરી શકે છે
ને એ આપઘાત પણ કરી શકે છે.
**જ્યાં સૌમ્યતાને ટકાવી રાખવી શક્ય જ નથી એનું નામ અબ્રહ્મ.**
**જ્યાં ચિનગારી પડે ને દાવાનળ ફાટી નીકળે એનું નામ અબ્રહ્મ.**
**જ્યાં દિવસ-રાત કષાયોની આગ બુઝાય જ નહીં એનું નામ અબ્રહ્મ.**
બ્રહ્મનું બેકગ્રાઉન્ડ આખું જુદું જ છે.
જ્યાં સુખ માટે બાહ્ય કારણની શોધ જ નથી.
જ્યાં બહારની તકલીફનો વિરોધ કે ફરિયાદ નથી,
બલ્કે બાહ્ય તકલીફોનો સ્વીકાર છે,
ના, બલ્કે આવકાર છે.
ના, બલ્કે એ તકલીફોની નોંધ સુદ્ધા નથી.

બ્રહ્મનો તાત્પર્યાર્થ જ આ છે કે આત્માને આત્માથી સુખી કરવો,
એમાં ક્યો અવરોધ હોઈ શકે ? કઈ તકલીફ હોઈ શકે ?
માટે બ્રહ્મમાં એક જ વિકલ્પ છે **सोम्मं** ।
અગ્નિની સાક્ષીએ લગ્ન કરવામાં આવે છે
અને જિંદગી ભડકે બળે છે.
અબ્રહ્મની આગ ફાટી નીકળે છે ને આત્મા ભડકે બળે છે.
અરિહંતની સાક્ષીએ બ્રહ્મચર્ય લેવામાં આવે છે
ને જીવન શીતળ બની જાય છે.
યાદ આવે યોગશાસ્ત્ર -

**इन्द्रियैर्विजितो जन्तुः, कषायैरभिभूयते ।**
**वीरैः कृष्टेष्टकः पूर्वं, वप्रः कैः कैर्न खण्ड्यते ॥**

*જે જીવ ઈન્દ્રિયોથી પરાજિત થઈ જાય છે*
*એને કષાયો ય સતાવવા લાગે છે,*
*જે કિલ્લાની ઈંટો શૂરવીરોએ પહેલા ખેંચી કાઢી હોય,*
*પછી તે કિલ્લાને કોણ કોણ ખંડતું નથી ?*

આપણને રાગ સૌમ્ય લાગે છે, અબ્રહ્મ સોફ્ટ લાગે છે,
'ગમો' એ આપણને પાપ નથી લાગતું.
રાગનું નિમિત્ત એ આપણને ખરાબ નથી લાગતું.
આપણને ગુસ્સો ખરાબ લાગે છે, દ્વેષ એ પાપ લાગે છે,
સુધર્માસ્વામી ભગવાન આપણને કહે છે
કે તમને દ્વેષ ખરાબ લાગતો હોય,
તો તમે રાગને ખરાબ માનો જ છો
જો તમને ગુસ્સો ખરાબ લાગતો હોય
તો તમે 'ગમા'ને ખરાબ માનો જ છો.
કારણ કે રાગ અને ગમા સાથે દ્વેષ અને ગુસ્સો જોડાયેલા જ હોય છે.
**જો હત્યા એ ખરાબ છે, તો અબ્રહ્મ એ ખરાબ છે.**

**જો ગાળાગાળી એ ખરાબ છે, તો અબ્રહ્મ એ ખરાબ છે.**
**જો કોઈના હૃદયને ઠેસ પહોંચાડવી એ ખરાબ છે,**
**તો અબ્રહ્મ પણ ખરાબ છે.**
જો ઝગડા-ઝગડી એ ખરાબ છે, તો અબ્રહ્મ પણ ખરાબ છે.
જો કોઈના માટે અશુભ વિચારવું એ ખરાબ છે,
તો અબ્રહ્મ પણ ખરાબ છે.
કારણ કે અબ્રહ્મ સાથે આ બધું જ જોડાયેલું હોય છે.
આપણે ઈચ્છીએ કે ફક્ત અબ્રહ્મ હોય,
આ બધું નહીં,
પણ એ શક્ય નથી.
અબ્રહ્મ સાથે આ બધું જ આવી જાય છે,
પછી એ વહેલું આવે કે મોડું આવે એ વાત જુદી છે.
પરમાર્થથી તો એ બધું ઓલરેડી અબ્રહ્મની અંદર હાજર જ હોય છે.
**सोम्मं** - બ્રહ્મ જ સૌમ્ય છે.
અબ્રહ્મ ચંડ જ છે.
થોડા સમય વહેલાની વાત.
**પતિ-પત્નીનો ઝગડો થયો,**
**પત્નીનો ગુસ્સો આસમાનને આંબ્યો.**
**એ વળી જોરાવર હતી. પતિના હાથ-પગ બાંધી દીધા,**
**એનું માથું ખાંડણિયામાં નાંખી દીધું.**
**ને પ્રહાર કરી કરીને એના માથાનો છુંદો કરી દીધો.**
**કાળી કાતિલ વેદના ભોગવીને પતિ ઓફ થઈ ગયો.**
માણસના મગજને આટલી હદે વિકૃત કરી દેનાર અબ્રહ્મ હોય છે.
કોઈ માનસિક રીતે બીજાના માથાનો છુંદો કરી દે છે,
કોઈ પ્રેક્ટીકલ રીતે.
નાના-મોટા છમકલાઓ તો અંદર ને બહાર ચાલ્યા જ કરે છે.
તો આ છુંદા ને છમકલાઓમાં સુખ કઈ રીતે હોઈ શકે ?

**જો સુખ જોઈએ છે, તો અબ્રહ્મનું નામ પણ ભૂલી જાઓ,**
**જો અબ્રહ્મ જોઈએ છે, તો સુખનું નામ પણ ભૂલી જાઓ.**
માટે જ સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું તેરમું વિશેષણ કહે છે -

**सुहं**

*બ્રહ્મચર્ય એ સુખ છે.*

અબ્રહ્મનો આખો પાયો જ
અપેક્ષા, ઉશ્કેરાટ અને અસ્વસ્થતા પર રચાયો છે.
અબ્રહ્મ ખુદ પણ આ ત્રણ - સ્વરૂપ જ છે.
આ ત્રણ સ્વયં દુ:ખરૂપ છે અને દુ:ખનું કારણ પણ છે.
તો પછી અબ્રહ્મ એ સુખ કઈ રીતે હોઈ શકે ?
યાદ આવે અધ્યાત્મસાર -

**गणयन्ति जनुः स्वमर्थवत्, सुरतोल्लाससुखेन भोगिनः ।**
**मदनाहिविषोग्रमूर्च्छना-मयतुल्यं तु तदेव योगिनः ।।**

**ભોગીઓને લાગે છે**
**કે કામભોગના સુખથી એમનો ભવ સફળ થઈ ગયો.**
**યોગીને લાગે છે કે એ સુખ નથી.**
**આ તો 'કામ'ના નાગે ભયંકર ડંખ માર્યો છે**
**એનું ઝેર પ્રસર્યું છે**
**ને એ બેભાન થઈ ગયો છે**
**મોહના રોગે એ ભોગીનો ભોગ લઈ લીધો છે.**

છગન એક વાર નેતાજી બની ગયો.
એનું જીવન પૂરું થવાને આરે હતું.
કોઈ દેવદૂત એની પાસે આવ્યો. પૂછ્યું, ''ક્યાં જવું છે તમારે ? સ્વર્ગમાં કે નરકમાં ?''
છગન પાકો હતો, એણે કહ્યું ''એમ હું ના કહી દઉં.
મને બતાવો પહેલા, કે સ્વર્ગ શું છે ને નરક શું છે ?''

દેવદૂત છગનને સ્વર્ગમાં લઈ ગયો,
ત્યાં જોયું તો બધા સામાયિક-પ્રતિક્રમણ કરતા હતાં
કોઈ વળી નવકારવાળી ગણતું હતું,
છગનને તો આ સ્વર્ગમાં બિલકુલ રસ ન પડ્યો.
દેવદૂતને કહે, ''હવે મને નરક બતાવો.''
દેવદૂત એને નરકમાં લઈ ગયો
છગને જોયું, તો ત્યાં તો પાર્ટી ચાલતી હતી,
પોપ મ્યુઝિકના તાલે સહુ નાચતા હતા.
ખાવા-પીવાની અઢળક આઈટમ્સ, એટ્રેક્ટીવ ડેકોરેશન, ગજબ વાતાવરણ.
છગને ધડ દઈને કહી દીધું, ''મારે નરકમાં જવું છે.''
દેવદૂતે એને નરકમાં નાંખી દીધો.
પરમાધામીએ આવીને છગનને ધીબેડી નાંખ્યો,
છગન કહે, ''આ બધું શું છે ? નરક તો કેટલી સરસ હતી !''
પરમાધામીએ કહ્યું, ''મૂરખ ! તે જે જોયું એ નરક પબ્લિસિટી સેન્ટર હતું. જો એ ન હોય, તો કોઈ નરકમાં જવાનું પસંદ જ ન કરે.''
અબ્રહ્મ હકીકતમાં નરક જ છે.
ફક્ત એનું પબ્લિસિટી સેન્ટર આકર્ષક હોય છે.
યાદ આવે યોગશાસ્ત્ર -

**आपातमात्रमधुरं, परिणामेऽतिदारुणम् ।**
**किम्पाकफलसङ्काशं, तत् कः सेवेत मैथुनम् ?।।**

*જે ફક્ત દેખાવમાં જ મીઠું છે*
*ને પરિણામમાં ખૂબ જ ભયાનક છે*
*એનું નામ મૈથુન.*
*જાણે કિંપાકના હળાહળ ઝેર ભર્યા સ્વાદિષ્ટ ફળ.*
*ક્યો એવો મૂરખ હોય જે મૈથુન સેવે ?*
સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું ચૌદમું વિશેષણ કહે છે -

## सिवं

*બ્રહ્મચર્યમાં ઉપદ્રવોનું નામો નિશાન નથી.*

જ્યાં કોઈ જ અશિવ = ઉપદ્રવો નથી એનું નામ શિવ.
બ્રહ્મચર્ય શિવ છે.
અબ્રહ્મ અશિવ છે.
યાદ આવે યોગશાસ્ત્ર -

**सर्वस्वहरणं बन्धं शरीरावयवच्छिदाम् ।**
**मृतश्च नरकं घोरं लभते पारदायिकः ।।**

*બધું જ લૂંટાઈ જાય, શરીર આખું બંધાઈ જાય,*
*શરીરના અવયવો કપાઈ જાય,*
*ને મરીને ઘોર નરક ભેગા થઈ જવાય*
*આ ફળ છે પરસ્ત્રીગમનનું.*

આ ફળ અબ્રહ્મનું નથી, આ તો પરસ્ત્રીગમનનું ફળ છે,
આ બધી મનને ફોસલાવવાની વસ્તુ છે.
અબ્રહ્મ હશે, તો આજે નહીં તો કાલે, આ ભવમાં નહીં તો પરભવમાં,
એના બધા જ પ્રકારો આવશે,
જેને અબ્રહ્મ ઉપાદેય લાગ્યું છે, જેને એના માટે હેયબુદ્ધિ નથી,
એને અબ્રહ્મના કોઈ પ્રકાર પણ બાકી રહેવાના નથી
અને એ દરેક પ્રકારના વળતરરૂપ કોઈ યાતના ય બાકી રહેવાની નથી.
થોડા સમય પહેલાની ઘટના.
છોકરો-છોકરી પ્રેમ(?)માં પડ્યા. બધાની ઉપરવટ થઈને પરણ્યા.
આઠમા દિવસે બંને એક જ હુકમાં લટકીને
ફાંસો ખાઈને મરી ગયા.
અબ્રહ્મમાં અશિવ ન હોય એવું શી રીતે બની શકે ?
આપણી પાસે જવાબ તૈયાર હોય છે,
બધાં કાંઈ આમ લટકી નથી જતા હોતા,

આવો તો લાખો-કરોડોમાં કોઈક જ દાખલો હોય,
એનાથી કાંઈ અબ્રહ્મ એ ઉપદ્રવ પુરવાર ન થઈ શકે,
**પણ આપણે ભૂલી જઈએ છીએ,**
**કે હુકના પણ ઘણા પ્રકાર હોય છે,**
**ફાંસાના પણ ઘણા પ્રકાર હોય છે**
**અને મૃત્યુના પણ ઘણા પ્રકારો હોય છે.**
**જ્યાં અબ્રહ્મ છે ત્યાં ફાંસીના ફંદે લટકવાનું છે,**
પછી તમે ક્યા પ્રકારથી લટક્યા હતા
ને ક્યા પ્રકારથી ન'તા લટક્યા એ જુદી વાત બની જાય છે.
ને એ વાતનું વધુ મહત્ત્વ હોતું નથી.
મહત્ત્વ તો એ જ વાતનું રહે છે, કે તમે લટકી ગયા.
સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું પંદરમું વિશેષણ કહે છે -

**अचलं**

*બ્રહ્મચર્ય એ નિશ્ચલ છે.*

અબ્રહ્મ એ ચલાચલ છે, ડામાડોળ છે, હાલક-ડોલક છે, અસ્થિર છે.
યાદ આવે ભર્તૃહરિ -

**यां चिन्तयामि सततं मयि सा विरक्ता,**
**सा चान्यमिच्छति जनं स जनोऽन्यसक्तः ।**
**अस्मत्कृते च परिताम्यति काचिदन्या,**
**धिक् तां च तं च मदनं च इमां च मां च ॥**

*હું જેનો સતત વિચાર કર્યા કરું છું,*
*એનો રાગ મારા પરથી ઓસરી ગયો છે,*
*તે બીજા પુરુષને ઈચ્છે છે*
*તે વળી બીજીમાં લપટાયો છે*
*ને મારા સંગમ માટે વળી કોઈ ત્રીજી જ દુઃખી થઈ રહી છે.*
*પેલીને, આને, કામદેવને, ઓલીને ને મને - ખૂબ ખૂબ ધિક્કાર હો.*

ભર્તૃહરિ રાજાને કોઈએ દિવ્ય આમ્રફળ ભેટ આપ્યું હતું,
રાજાએ એની પ્રિય રાણીને એ ભેટ આપ્યું,
એણે એના યારને ભેટ આપ્યું,
એણે એની પ્રિય વેશ્યાને ભેટ આપ્યું,
ને વેશ્યાએ રાજાને ભેટ આપ્યું.
રાજાને આ આખું ય ચકરડું સમજાયું
અને બધું જ છોડીને એણે સાધનાનો માર્ગ અપનાવી લીધો.
સવાલ ફક્ત આમ્રફળના ફરવાનો ન હતો,
સવાલ કામરાગના પાત્રના ફરવાનો ય ન હતો.
ખરો સવાલ તો હતો મનના ફરવાનો.
જ્યાં અબ્રહ્મ છે, ત્યાં માનસિક સ્થિરતા શક્ય નથી.
શરીરને પાત્ર બદલાય એ ફાવતું નથી,
પાત્ર બદલાય તો પરિવાર અને સમાજ તૂટી જાય છે,
ને મનને એનું એ પાત્ર ફાવતું નથી.
બોલો,
હવે શું કરવાનું ?
અબ્રહ્મસેવી આ બે છેડાની ખેંચતાણમાં જિંદગીને વેડફી નાખે છે.
અબ્રહ્મનો સીધો અર્થ છે ભટકવું.
અબ્રહ્મ વૈવાહિક બંધનમાં સમજતું નથી.
જ્ઞાતિ-જાતિના ભેદની સમજણ સાથે એને સ્નાનસૂતક હોતું નથી.
ઉંમરનો મોટો ભેદ પણ એને નડતો નથી.
ને પવિત્ર સંબંધો પણ એના માટે પવિત્ર હોતા નથી.
**અબ્રહ્મનો અર્થ છે કપાયેલી પતંગ, જેને કોઈ જ નિયંત્રણ નથી.**
**અબ્રહ્મનો અર્થ છે વાદળ, જે ગમે ત્યાં જઈ શકે છે,**
**અબ્રહ્મનો અર્થ છે હાથીના કાન, જે સ્થિર હોય એ આશ્ચર્ય છે.**
**અબ્રહ્મનો અર્થ છે પવન, જે અહીંથી ત્યાં ગતિ કર્યા જ કરે છે.**
અબ્રહ્મ શું કરે છે ?

પોતાની સાથે સાથે તે તે વ્યક્તિને ય ઢસડી જાય છે.
તે વ્યક્તિએ ઘર ક્યાંક માંડ્યું હોય છે.
ને અબ્રહ્મ એને બીજે ઘસડી જાય
એટલે એ ન ઘરનો રહે ન ઘાટનો રહે.
જે મળ્યું એ ગમે નહીં, જે ગમ્યું એ મળે નહીં.
અબ્રહ્મનો અર્થ ભોગ કરાય છે, તે સાચું છે, પણ
જે રીતે કરાય છે તે સાચું નથી.
અબ્રહ્મ એટલા માટે ભોગ છે
કે એ વ્યક્તિનો ભોગ લઈ લે છે.
અબ્રહ્મ કદી સુખ ન આપી શકે
કારણ કે સુખ સ્થિરતામાં જ શક્ય છે
અને અબ્રહ્મનો અર્થ જ અસ્થિરતા છે,
આજે તમારું ઘર પાલડીમાં હોય, કાલે વાસણા,
પરમ દિવસે વાડજ, ત્રીજે દિવસે સેટેલાઈટ, પાંચમે શાહીબાગ,
છટ્ઠે સાબરમતી ને સાતમે ડી-કેબિન.
એને નવા નવા ઘરની ખુશી ન કહેવાય
પણ સખત મજૂરીની સજા કહેવાય.
હજી તો અહીં આવ્યા એ બધું આટોપવાનું,
ફરી બિસ્તરા-પોટલા બાંધવાના ને બધું ફર્નિચર ફેરવવાનું,
મૂરખો હોય એ ય આવી મૂર્ખામી તો ન કરે.
ઘર બદલવાની મજૂરી કરતાં ય
અબ્રહ્મ જે પાત્ર બદલવાની મજૂરી કરાવે છે
તે વધુ આકરી હોય છે.
**સુખદ તો છે બ્રહ્મ.**
**જ્યાં એક જ ઘરમાં કાયમ ઠરી ઠામ થવાનું હોય છે.**
**જે ઘરનું નામ છે આત્મા.**
**બ્રહ્મચર્યનો અર્થ જ છે આત્મામાં ઠરી ઠામ થવું.**

**अचलं ।** જેણે નિશ્ચલ પકડ્યું એમણે ભટકવાનું હોતું જ નથી.
નથી એણે થાકવું, નથી એણે હાંફવાનું, નથી એણે તૂટવાનું,
જે ચલાચલ હોય, હાલક ડોલક હોય,
એ કડડડભૂસ થઈને તૂટી પડે છે,
ને જેણે એનું અવલંબન કર્યું એની ય એ જ દશા થાય છે.
સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું સોળમું વિશેષણ કહે છે -

**अक्खयकरं**

*બ્રહ્મચર્ય એ અક્ષય બનાવી દેનારું છે.*

અબ્રહ્મ એ શક્તિનો ક્ષય છે, શાંતિનો ક્ષય છે, સ્ફૂર્તિનો ક્ષય છે,
આનંદનો ક્ષય છે, આયુષ્યનો ક્ષય છે,
ને સૌથી હોનારત ઘટના એ છે કે એ અસ્તિત્વનો ક્ષય છે
ને બ્રહ્મ એ આ બધી વસ્તુનો અક્ષય ખજાનો છે.
તમારા બાહ્ય અને આભ્યંતર સર્વ ગુણોને જે અક્ષય કરી દે
તે અક્ષયકર.
જે તમને કદી ક્ષય ન પામે એવા જ્ઞાનની ભેટ ધરી દે
તે અક્ષયકર.
જે તમને અક્ષય-અનંત દર્શનનો ઉપહાર આપી દે
તે અક્ષયકર.
જે તમને અક્ષય - પદે પહોંચાડી દે
તે અક્ષયકર.
**બ્રહ્મચર્ય જીવનશક્તિ વધારે છે.**
**અબ્રહ્મ જીવનશક્તિ ખૂટાડે છે.**
**અબ્રહ્મ એ મૃત્યુ છે.**
**કોઈનું તાત્કાલિક મૃત્યુ હોય છે.**
**કોઈનું શીઘ્ર મૃત્યુ હોય છે ને કોઈનું ધીમું મૃત્યુ હોય છે.**
**પણ એ હોય છે તો મૃત્યુ જ.**
વિશ્વના ઘણા કુસ્તીબાજો ને ખેલાડીઓએ કબૂલ કર્યું છે

કે તેમણે અનપેક્ષિત રીતે આઘાતજનક હાર ખાધી
તેનું કારણ તેમણે આગલી રાતે કરેલી ભૂલ હતી.
અબ્રહ્મ એ ક્ષયકર છે,
એનાથી શરીર નબળું પડે છે, એનાથી મન નબળું પડે છે.
એનાથી પુણ્ય પણ નબળું પડે છે.
સત્યકી પાસે એવી અજોડ વિદ્યાસિદ્ધિ હતી
કે ચંડપ્રદ્યોત જેવો પરાક્રમી રાજા ય એની સામે લાચાર હતો.
એણે એને ખતમ કરવા વેશ્યાને કામ સોંપ્યું.
એ વેશ્યાનું નામ હતું ઉમા.
એણે સત્યકી સમક્ષ મોહજાળ બિછાવી, એને વશ કર્યો,
ને એક દિવસ પૂછી લીધું - **कया देवया ओसरंति ।**
તમારા અધિષ્ઠાયક વિદ્યાદેવતાઓ ક્યારે જતાં રહે છે.
સત્યકીએ રહસ્ય કહી દીધું - **जया मेहुणं सेवेमि ।**
જ્યારે હું મૈથુન સેવું છું.
વેશ્યાએ રાજાને વાત કરી દીધી. સત્યકી ને વેશ્યા બે ય વીંધાઈ ગયા.

**अक्खयकरं**

જો આપણે બ્રહ્મને નથી અપનાવ્યું, તો આપણો ક્ષય નિશ્ચિત છે.
સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું સત્તરમું વિશેષણ કહે છે -

**जतिवरसारक्खियं ।**

*જે ભાવસાધુ હોય છે*
*તે બ્રહ્મચર્યનું સર્વ પ્રયાસથી રક્ષણ કરે છે.*

એક ગરીબ માણસ હતો. ખાવાના ય સાંસા. ભાંગ્યું ઝૂપડું.
ફાટલા કપડાં. સખત મજૂરી. દીકરીની ઉંમર વધે.
પોતાનું ય ઘડપણ આવશે. કાલે શું ?
આ બધી ચિંતા સાથે એણે એવી કપરી પરિસ્થિતિમાં પણ
બે-પાંચ બે-પાંચ રૂપિયાની બચત શરૂ કરી.
એમ કરતા કરતા કેટલાય વર્ષે એની પાસે ૫૦૦૦ રૂ. ભેગા થયા.

એ માણસ એ રૂપિયાને કેવી રીતે રાખશે ?
કેવી રીતે સાચવશે ?
એ ચોરાઈ ન જાય, ખોવાઈ ન જાય
એ માટે કેટલી તકેદારી રાખશે ?
ભાવસાધુને એના કરતાં પણ લાખોગણી તકેદારી
બ્રહ્મચર્યને સાચવવા માટે હોય.
ગરીબના-ભિખારીના ખિસ્સામાં ૫૦૦૦ રૂ. હોય,
એના જેવી સ્થિતિ છે,
કે અનાદિના કંગાળ આપણા આત્માને બ્રહ્મચર્ય મળ્યું હોય,
ફરક એટલો
કે આપણી કંગાલિયત પેલાની ગરીબી કરતા અનંતગણી હતી,
ને બ્રહ્મચર્યનું મૂલ્ય ૫૦૦૦ રૂા. કરતા અનંતગણું છે.
હવે આપણે એને કેવી રીતે સાચવવું જોઈએ ?
સંસારી ઘરે મહાત્મા ગોચરી વહોરવા ગયા.
સંસારી પત્ની દુરાચાર કરીને ગર્ભવતી થઈ હતી.
તેને થયું કે 'જો પતિ સંસારમાં પાછા આવે તો મારું કલંક ટળે.'
એણે સખત આગ્રહ કર્યો. મોહની જાળ બિછાવી,
બૂમાબૂમ કરવાની ધમકી આપી,
**ને મહાત્મા એમનું બ્રહ્મચર્ય સાચવવા મરણિયા બન્યા.**
**એને બધી રીતે સમજાવી, છતાં એ ન જ માની,**
**ત્યારે વ્રતમોક્ષણનું બહાનું કાઢીને મહાત્મા એક રૂમમાં ગયા.**
**અંતિમ આરાધના કરી,**
**કપડાંનો ફાંસો ખાધો ને કાળધર્મ પામીને દેવલોકે પહોંચી ગયા.**
**जतिवरसारक्खियं ।**
મુનિવર એ જે જીવથી પણ વધુ જતન બ્રહ્મચર્યનું કરે.
બીજા મહાત્માને વિહારમાં આવી દુરાચારિણી સંસારી પત્ની મળી.
એણે ય મોહના બધા જ તોફાનો કર્યા

પણ મહાત્મા મેરુ પર્વત જેવા અડોલ રહ્યા.
ચળવાનો અર્થ છે પોતાનું સર્વસ્વ ગુમાવી દેવું.
ચળવાનો અર્થ છે પોતાના અનંત ભવિષ્યને કંગાળ બનાવી દેવું.
ચળવાનો અર્થ છે મહામહામહામૂર્ખામી કરવી.
ચળવાનો અર્થ છે કલ્પવૃક્ષને કાપીને ધતુરો વાવવો.
ચળવાનો અર્થ છે ચિંતામણિના બદલામાં ઝેર ખરીદવું.
ચળવાનો અર્થ છે ઐરાવત વેંચીને ભૂંડ ખરીદવું.
ચળવાનો અર્થ છે ભયાનક ખીણમાં ઝંપાપાત.
ચળવાનો અર્થ છે આપઘાત.
ધર્મને સમજ્યા પછી ને સ્પર્શ્યા પછી ય
જીવ ફરી અનંત કાળ ભવભ્રમણ કરે છે,
તેનું કારણ આ જ છે કે એ ચળી જાય છે.
મહાત્મા નિશ્ચલ છે.
સંસારી પત્ની કેમે કરીને એમને છોડતી નથી.
**પરીક્ષાની ક્ષણ એ આપણો ખરો પરિચય હોય છે.**
**ચતુર્વિધ સંઘની હાજરીમાં રંગે ચંગે થયેલી આપણી દીક્ષા,**
**સકલ શ્રીસંઘ સમક્ષ સિંહગર્જનાસ્વરૂપ આપણી મહાવ્રતોની પ્રતિજ્ઞા,**
**આપણે કરેલો જ્ઞાનાભ્યાસ,**
**આપણે પાળેલું ચારિત્ર,**
**આ બધાનું સાર્થક્ય પરીક્ષાની ક્ષણે પાસ થવામાં હોય છે.**
**પરીક્ષા એ છે**
**કે એ સમયે આપણે કોની તરફેણમાં રહીએ છીએ ?**
**ચારિત્રરાજાની કે મોહરાજાની ?**
આપણે પ્રતિજ્ઞા કરી કે હું આજીવન ચારિત્રરાજાની ફેવરમાં રહીશ,
એ કોઈના દબાણથી નહીં,
પણ આપણી પોતાની સમજણપૂર્વકની ઈચ્છાથી,
ઉમંગ અને ઉલ્લાસ સાથે જાહેરમાં આપણે આ પ્રતિજ્ઞા કરી,

એ પ્રતિજ્ઞા પાળીએ એટલે ચારિત્ર રાજા આપણું દળદર ફેડી દેવાના છે,
ચારિત્ર રાજાનો દ્રોહ કરીને, વિશ્વાસઘાત કરીને,
આપણે મોહરાજા સમક્ષ માથું નમાવીએ
એટલે એ આપણું માથું કાપી દેવાનો છે,
તો આપણે શું કરવું જોઈએ ?
જે સમજણ-પૂર્વક આપણે આ વ્રત લીધું, શું એ સમજણ ખોટી હતી ?
**મા-બાપે જે શ્રદ્ધા સાથે આપણને અનુમતિ આપી,**
**શું એ શ્રદ્ધા ખોટી હતી ?**
**ઓઘો લઈને નાચતા નાચતા આપણી આંખોમાં**
**જે આનંદના આંસું આવી ગયા હતા,**
**શું એ આંસું ખોટા હતા ?**
ના, એ બધું તો સાચું જ હતું,
તો પછી થયું છે શું ?
બીજું કશું જ નહીં,
મોહરાજાએ આપણને ફસાવવા માટે જાળ બિછાવી છે,
આપણે જાળને જાળરૂપે જ જોઈએ,
ફસામણીને ફસામણીરૂપે જ જોઈએ,
પરીક્ષાને પરીક્ષારૂપે જ જોઈએ,
તો આપણે બચી જશું, આપણે પાસ થઈ જશું.
મોહનીય કર્મના ભુક્કા બોલાઈ જશે,
મોહરાજા અધમુઓ થઈ જશે,
ને બીજી વાર આપણું નામ લેવાની પણ હિંમત નહીં કરે.
યાદ આવે પરમ પાવન આચારાંગસૂત્ર -
**जाइ सद्धाइ णिक्खंतो तमेव अणुपालए ।**
*તમે જે શ્રદ્ધા સાથે દીક્ષા લીધી*
*એ શ્રદ્ધાને સદા ટકાવી રાખજો,*
*તમારી દીક્ષાની સફળતા એ શ્રદ્ધાના આધારે જ છે.*

શ્રદ્ધા એટલે ચારિત્રરાજા પર પૂર્ણ વિશ્વાસ.
શ્રદ્ધા એટલે બિનશરતી સમર્પણ.
શ્રદ્ધા એટલે નિર્ભેળ વફાદારી.
શ્રદ્ધા એટલે વિકલ્પવિહીન ઢોળાણ.
શ્રદ્ધા એટલે અનન્યશરણ્યતાનું દર્શન.
શ્રદ્ધા એટલે વાંદરીને વળગેલા બચ્ચાની આસ્થા.
શ્રદ્ધા એટલે આત્મા અને ચારિત્રરાજાનો ખરો સંબંધ.
શ્રદ્ધા એટલે પ્રતિજ્ઞાપાલનનો સ્વતઃ ઉલ્લાસ.
શ્રદ્ધા એટલે ગાંઠે ચિંતામણિ રત્ન બાંધ્યાની દઢ પ્રતીતિ.
શ્રદ્ધાના પાત્રમાં જ વ્રતનું દૂધ રહી શકે, નિરાધાર નહીં,
અભવ્ય કે દૂરભવ્ય વ્રત લે, પણ એને શ્રદ્ધા ન હોય,
એ અપવાદ નથી હોતો, અણસમજ હોય છે,
હકીકતમાં એનું વ્રત જ નથી હોતું,
કારણ કે નિરાધાર વ્રત શક્ય જ નથી.
શ્રદ્ધાની મૂડી લઈને સંયમનો વેપાર કરીને
મોક્ષની કમાણી કરવા માટે ઉલ્લાસ સાથે આપણે નીકળ્યા,
**મોહરાજા ઈચ્છે છે કે**
**આપણે દેવાળું કાઢીને પાછા ઘર-ભેગા થઈ જઈએ,**
**દ્રવ્યથી નહીં તો ભાવથી,**
**પણ ઘર-ભેગાં જ.**
**એ એના પ્રયાસોમાં લાગ્યો છે,**
**આપણે શું કરવું જોઈએ ?**
**આપણી શ્રદ્ધા સફળ કરવી ? કે એનો કારસો સફળ કરવો ?**
**પરમ હિતેચ્છુનું શરણ લેવું ? કે ઘોર અહિતેચ્છુના પગમાં માથું ટેકવવું ?**
આમ બે વિકલ્પ છે,
પણ જો આપણામાં થોડી પણ બુદ્ધિ હોય, તો એક જ વિકલ્પ છે.
સંયમ. બીજું કશું જ નહીં.

બીજું કશું છે પણ નહીં.
અનંત મૃત્યુના રસ્તાને તે કાંઈ વિકલ્પ કહેવાતો હશે ?
હા, મૂરખાનો એ વિકલ્પ હોઈ શકે,
પણ સમજદાર તો એને વિકલ્પ માનવા જ તૈયાર ન થાય.
**जतिवरसारक्खियं ।**
મહાત્માએ જોઈ લીધું કે
એ મને શીલભ્રષ્ટ કર્યા વિના નહીં છોડે.
બાજુમાં જ રણમેદાન હતું.
થોડી વાર માટેનું બહાનું કાઢીને મહાત્મા ત્યાં ગયા.
અંતિમ આરાધના કરીને ત્યાં સૂઈ ગયા.
સૈનિકોના મડદાંઓને ગીધડાઓ ફોલી ખાઈ રહ્યા હતા.
એ મહાત્માને એ એ ગીધડાઓએ નવું મડદું સમજી લીધું.
તૂટી પડ્યા એમના પર.
એમની તીક્ષ્ણ ચાંચોના પ્રહારો થઈ રહ્યા છે.
એમના જીવંત દેહને ગીધડાઓ ફોલી ખાઈ રહ્યા છે.
તનમાં અસહ્ય વેદના છે.
મનમાં અપૂર્વ સંતોષ છે.
**બસ, તન ભલે વેરણ-છેરણ થઈ જાય**
**ભલે મારા તલ-તલ જેટલા ટુકડા થઈ જાય,**
**બસ, મારા શીલને ઉની આંચ ન આવવી જોઈએ,**
**જો મારું શીલ બચી ગયું, તો બધું જ બચી ગયું,**
**જો શીલ ગયું, તો કશું જ બચ્યું નથી.**
મોટા ભાગનું માંસ ખવાઈ ગયું છે.
શરીર લગભગ વીખેરાઈ ગયું છે.
નસો ફટ્ ફટ્ ખેંચાઈ ને તરડાઈ રહી છે.
શીલપાલનના પૂર્ણ સંતોષ સાથે ને પરમ સમાધિ સાથે
મહાત્મા છેલ્લો શ્વાસ છોડે છે ને આત્મકલ્યાણને સાધી લે છે.

जतिवरसारक्खियं ।
આપણે તો આવું કોઈ સંકટ પણ નથી
ને આવો કોઈ ઉપસર્ગ સહન કરીએ
તો જ આપણા શીલનું રક્ષણ થાય એવું પણ નથી.
તો ય આપણે આપણા શીલનું રક્ષણ નહીં કરીએ ?
આપણને તીવ્ર વૈરાગ્ય ન પણ હોય, તો ય શીલનું રક્ષણ કરવું જોઈએ,
આપણે કદાચ મનથી ઢીલા પડ્યા હોઈએ,
તો ય શીલનું રક્ષણ કરવું જોઈએ,
અરે, ભગવાન તો ત્યાં સુધી કહે છે
કે જે સ્ત્રી, ડરથી કે શરમથી કે બીજાના અંકુશથી પણ શીલ પાળે
તે ધન્ય છે અને વંદનીય છે.
આ રહ્યો મહાનિશીથસૂત્રનો
એ પ્રભુવીર અને ગૌતમસ્વામીનો સંવાદ -

| | |
|---|---|
| एत्थं च णं गोयमा ! | **અને હે ગૌતમ ! અહીં** |
| न इत्थीयं भएण वा लज्जाए वा | **જે સ્ત્રી ભયથી કે શરમથી** |
| कुलंकुसेण वा जाव धम्मसद्धाए वा | **કે કુળના અંકુશથી કે ધર્મશ્રદ્ધાથી** |
| तं वेयणं अहियासेज्जा | **વેદોદયની વેદનાને સહન કરી લે છે,** |
| नो वियम्मं समायरेज्जा | **પણ ખોટું કામ કરતી નથી,** |
| से णं धण्णा, से णं पुण्णा | **તે ધન્ય છે, તે પુણ્યવતી છે,** |
| से य णं वंदा, से णं पुज्जा | **તે વંદનીય છે, તે પૂજનીયા છે,** |
| से णं दट्ठव्वा, से णं सव्वलक्खणा | **તે દર્શનીયા છે, તે સર્વલક્ષણા છે,** |
| से णं सव्वकल्लाणकारया | **તે સર્વકલ્યાણકારક છે,** |
| से णं सव्वुत्तममंगलनिहि | **તે સર્વોત્તમ મંગલનિધિ છે.** |
| से णं सुयदेवया, से णं सरस्सई | **તે શ્રુતદેવતા છે, તે સરસ્વતી છે,** |
| से णं अंबहुंडी से णं अच्चुया | **તે અંબા છે, તે અચ્યુતા છે,** |
| से णं इंदाणी, से णं परमपवित्तुत्तमा | **તે ઈન્દ્રાણી છે, તે પરમ પવિત્ર ઉત્તમ** |
| सिद्धी मुत्ती सासया सिवगइ त्ति । | **સિદ્ધિ મુક્તિ શાશ્વત શિવગતિ છે.** |

કર્મો ભારે છે, દોષો પ્રબળ છે, મન ચંચળ છે,
નિમિત્તો ભયાનક છે, વાતાવરણ વિકારી છે,
બધી વાત સાચી,
પણ તો ય ખોટું કામ કરવું કે ન કરવું,
એ તો આપણા હાથની જ વાત હોય છે.
મન ગમે તેટલું ચંચળ હોય,
જ્યારે આપણે આચારની રેખા ઓળંગતા નથી,
તન સુધી દોષને પહોંચવા દેતા નથી
અને મનમાં પણ પ્રતિપક્ષ ભાવનાને ભાવીએ છીએ
ત્યારે હકીકતમાં આપણે મનથી પણ શીલની જ ફેવર કરીએ છીએ.
વેદમોહનીય કર્મમાં કડાકો બોલાવીએ છીએ
લખલૂટ પુણ્ય અને પવિત્રતા કમાઈએ છીએ
અને ભવિષ્યમાં અણિશુદ્ધ શીલપાલન કરી શકીએ
ને મન-વચન-કાયાથી તદ્દન નિર્મળ રહી શકીએ
એવી વ્યવસ્થાને નિશ્ચિત કરી દઈએ છીએ.
**તમે કર્યું શું ? એ નિર્ણાયક છે. એ રિઝલ્ટ છે.**
**તમે ગમે તેટલું સારું વિચારો, પણ જો ખોટું કામ કરો,**
**તો તમે અબ્રહ્મના પક્ષે છો,**
તમે ગમે તેટલું ખરાબ વિચારી ચૂક્યા હો,
પણ જો તમે ખોટું કામ હરગીઝ ન કરો,
તો તમે બ્રહ્મના પક્ષે છો.
મન ફાવે એમ વિચારવામાં વાંધો નથી એવો આનો અર્થ નથી.
પણ કદાચ કર્મોદયથી મન ઢીલું પણ પડ્યું હોય,
તો ય આચારમાં તો કોઈ જ સમાધાન નહીં,
મર્યાદાની રેખા તો લગીરે નહીં જ ઓળંગવાની,
આવી દૃઢતાથી આપણે બાજી જીતી શકીએ છીએ.
પ્રભુ વીરના આ ઉદ્‌ગારો જ એની સાક્ષી છે.

ખોટું કામ પણ કરી દીધું
તો ખલાસ.
વેદોદય સુધી બાજી હાથમાં હતી,
મન ડામા-ડોળ થયું ત્યાં સુધી ય બાજી હાથમાં હતી,
પણ એ દોષ તનમાં આવ્યો એટલે બાજી હાથમાંથી ગઈ.
આપણે હારી ગયા.
આપણે હાથે કરીને આપણો સત્યાનાશ વહોરી લીધો.
આપણે નાદાર થઈ ગયા,
આપણે આપણું આખું ય ભવિષ્ય ભયંકર દુઃખમય બનાવી દીધું.
પ્રભુ એ જ વાત કરી રહ્યા છે.

| | |
|---|---|
| **जमित्थियं तं वेयणं नो अहियासेज्जा,** | **જે સ્ત્રી તે વેદનાને સહન ન કરે,** |
| **वियम्मं वा समायरेज्जा,** | **ને ખોટું કામ કરે,** |
| **से णं अधण्णा से णं अपुन्ना,** | **તે અધન્ય છે, તે અપુણ્યવતી છે.** |
| **से णं अवंदा से णं अपुज्जा,** | **તે અવંદનીય છે, તે અપૂજ્ય છે,** |
| **से णं अदट्ठव्वा से णं अलक्खणा,** | **તે અદર્શનીય છે, તે લક્ષણ હીન છે.** |
| **से णं भग्गलक्खणा,** | **તે ભગ્નલક્ષણા છે,** |
| **से णं सव्व अमंगल-अकल्लाणभायणा,** | **તે સર્વ અમંગળ-અકલ્યાણનું પાત્ર છે.** |
| **से णं भट्ठसीला, से णं भट्ठायारा,** | **તે શીલભ્રષ્ટ છે, તે આચારભ્રષ્ટ છે,** |
| **से णं परिभट्ठचारित्ता, से णं निंदणीया,** | **તે પરિભ્રષ્ટચારિત્રા છે, તે નિંદનીય છે.** |
| **से णं गरहणीया, से णं खिंसणिज्जा,** | **તે ગર્હણીય છે, તે ખિંસણીય છે,** |
| **से णं कुच्छणिज्जा, से णं पावा,** | **તે જુગુપ્સનીય છે, તે પાપિણી છે.** |
| **से णं पावपावा,** | **તે ખૂબ પાપિણી છે,** |
| **से णं महापावपावा** | **તે મહાપાપીઓથી ય વધુ પાપિણી છે,** |
| **से णं अपवित्त त्ति ।** | **તે અપવિત્ર છે.** |

**जतिवरसारक्खियं ।**
પ્રભુએ પૂરા વિશ્વાસ સાથે આપણને આ વ્રત આપ્યું,
કે આપણે એને જીવની જેમ સાચવશું.

પ્રભુ ખુદ કહે છે,
**કે મારો સંયમી મરી જાય, પણ આ વ્રતને ઉની આંચ ન આવવા દે,**
**શું આપણે પ્રભુનો એ વિશ્વાસ તોડશું ?**
અરે, આપણે દીક્ષા ન લીધી હોય, તો ય,
આપણો જન્મ એક શ્રાવકના ઘરે થયો,
એ ય પ્રભુની કૃપાથી જ,
એ પ્રભુની કૃપા છે,
કે આપણે થાઈલેન્ડની કોઈ વેશ્યાની દીકરી તરીકે ન જન્મ્યા.
એ પ્રભુની કૃપા છે,
કે આપણે અમેરિકાના તદ્દન અનાર્ય સંસ્કારહીન ઘરે ન જન્મ્યા.
એ પ્રભુની કૃપા છે,
કે આપણે કોઈ યુરોપિયન દુઃશીલ સ્ત્રીની પુત્રી તરીકે નથી જન્મ્યા.
એ પ્રભુની કૃપા છે,
કે આજ સુધી આપણે પવિત્રતાના પ્રવાહમાં જીવ્યા છીએ.
શું આપણે એ કૃપાને વીખેરી નાંખશું ?
શું આપણે એ કૃપાને 'ના' કહી દેશું ?
શું આપણે એ કૃપાને ઠુકરાવી દઈશું ? જો હા,
તો પછી આપણે આવનારા અનંતકાળમાં ય
આ કૃપાને નહીં પામી શકીએ,
નરકાદિ દુર્ગતિઓ આપણું કાયમી સરનામું બનશે
ને અનંતકાળે ક્યારેક મનુષ્ય બન્યા
તો ય નિર્મર્યાદ બનશું, અનાર્ય બનશું, મહાપાપી બનશું
ને ઓર ભયાનક ભવભ્રમણની વાટે ચડી જઈશું.
**એના કરતા પ્રભુની આ કૃપાના અક્ષત વધામણા કરવા,**
**એ કૃપાની ઝીલી લેવી**
**અને શ્રાવકના સંતાનને છાજે**
**ને પ્રભુના કૃપાપાત્રને શોભે**

**એવી સુશીલ જિંદગી જીવીને શાશ્વત સુખને જ કેમ સ્વાધીન ન કરી દેવું ?**
બસ, બીજું વધુ ભલે કાંઈ જ ન કરી શકીએ,
એક શીલને સાચવી લઈએ.
આચાર અને મર્યાદાની રેખાને સ્વપ્નમાં ય ન ઓળંગીએ
આપણો આત્મા હોનારતોની હારમાળાઓથી બચી જશે.
સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું અઢારમું વિશેષણ કહે છે -

**सुचरियं ।**

*બ્રહ્મચર્ય એ સુચરિત છે.*
*એ સારું આચારણ છે.*

જે અબ્રહ્મનો આદી છે,
એને દુનિયા બદચલન કહે છે. શાસ્ત્રીયભાષામાં દુશ્ચરિત.
અબ્રહ્મ એ આબરુંનું લૂંટારું છે.
પૂ. હરિભદ્રસૂરિ મહારાજાનો એક ગ્રંથ છે લોકતત્ત્વનિર્ણય
અને બીજો ગ્રંથ છે ધૂર્તાખ્યાન.
આ બંને ગ્રંથોમાં
અબ્રહ્મથી મોટા મોટાની આબરુના ય કેવા ધજાગરા થાય છે
એનો ચિતાર આપેલો છે.
ઈતિહાસના પાના પર મસમોટા મહામાનવો
શરમથી માથું ઝુકાવીને ઊભા છે.
કારણ આ જ - અબ્રહ્મ.
**બ્રહ્મ એટલે ઉન્નત માથું.**
**બ્રહ્મ એટલે યશસ્વિતા**
**બ્રહ્મ એટલે ખુમારી**
**બ્રહ્મ એટલે આત્મસમ્માન**
**બ્રહ્મ એટલે આત્મમૂલ્યાંકન**
અબ્રહ્મ એટલે નામોશી
અબ્રહ્મ એટલે અપયશનું પોટલું

અબ્રહ્મ એટલે માથે માછલાનું ધોવાણ
અબ્રહ્મ એટલે સ્વાપમાન
અબ્રહ્મ એટલે આત્માનું અવમૂલ્યન
જે અબ્રહ્મના પનારે પડે છે
તે હાથે કરીને હડધૂત થાય છે.
કરોડપતિઓ, અબજોપતિઓ, શ્રેષ્ઠીવર્યો ને કહેવાતા મોભીઓ
ક્યાંક ને ક્યાંક લપસે છે,
ને પછી આખી જિંદગી ચોરની જેમ
પોતાની ચોરી છુપાવવા માટે મથામણ કર્યા કરે છે.
એમની આ મથામણ કોઈનો ધંધો બને છે.
કેટલાકોની મથામણ ફેઈલ જાય છે,
ને દુનિયાને તમાશો થાય છે,
કેટલાકોની મથામણ સફળ થઈ ગઈ હોય છે,
પણ જિંદગી નિષ્ફળ ગઈ હોય છે.
કેટલાકોની મથામણને સમાંતર સમાંતર
આજીવન અથડામણ ને કુટામણ ચાલ્યા કરે છે.
ધંધાદારીઓએ એક શ્રીમંતને નિશાન બનાવ્યો.
એક રૂપસુંદરીએ એની પાસે લિફ્ટ માંગી.
જાળ બિછાવી.
એ બિચારો જાળમાં સપડાયો
પછી શું શું થયું એ બધી વાત જવા દઈએ.
એ રૂપસુંદરી નજર સામે આવી
એ પળની વાત કરવી છે.
એ એક નિમિત્ત હતું, મોહરાજાના દાવપેચનું એક સાધન હતું,
એવી વ્યક્તિ જેણે એ નિમિત્તને ઠુકરાવી દીધું,
એ ફાવી ગઈ, એની આખી જિંદગી બચી ગઈ,
એવી વ્યક્તિ જેને ફસાવવામાં નિમિત્ત ફાવી ગયું,

એ વ્યક્તિ ખલાસ થઈ ગઈ
એની આખી જિંદગી બરબાદ થઈ ગઈ.
**મોહોદયની પ્રત્યેક પળ**
**એ ગુંડાઓની રોકેલી માયાવિની રૂપસુંદરીની**
**લિફ્ટ માંગવાની પળ છે.**
**એના માટે આપણી ગાડી ઊભી રાખવી**
**દરવાજો ખોલવો**
**એને અંદર બેસાડવી**
**ને એનામાં લેશ પણ સુખની સંભાવના જોવી,**
**એના જેવું પાગલપણું અને આપઘાતીપણું**
**દુનિયામાં બીજું કોઈ જ નથી.**
**सुचरियं ।**
બ્રહ્મ નીકળી જાય
એટલે બદ્ચલન જ બાકી રહે છે.
સ્ત્રીમાં 'મા' ન દેખાય
ત્યારથી જ દુરાચારની શરૂઆત થઈ જાય છે.
પુરુષમાં 'પિતા' ન દેખાય
ત્યારથી જ દુરાચારની શરૂઆત થઈ જાય છે.
**નિશ્ચયદૃષ્ટિ તો કહે છે -**
**જે તમે નથી તે પર છે.**
**તે સ્ત્રી હોય, તો તે પરસ્ત્રી છે.**
**તે પુરુષ હોય, તો તે પરપુરુષ છે,**
**તે દ્રવ્ય હોય, તો તો તે પરદ્રવ્ય છે,**
**તે ભાવ હોય, તો તે પરભાવ છે.**
નિશ્ચયદૃષ્ટિએ પતિ, પત્ની, વિવાહ
આ બધાં જ શબ્દો યા આત્માના સમાનાર્થી છે,
યા વન્ધ્યાપુત્રના સમાનાર્થી છે.

તમારો પતિ.... તમારી પત્ની.... તમારો વિવાહ...
આ કશું શક્ય જ નથી.
**તમારા જ્ઞાનાદિગુણો હોઈ શકે.**
**સ્ત્રી કે પુરુષ તમારા શી રીતે હોઈ શકે ?**
**અને જે 'પર' છે, એની સાથેનું અબ્રહ્મ**
**એ સદાચાર કઈ રીતે હોઈ શકે ?**
**અબ્રહ્મ ચાહે કહેવાતા પતિ કે પત્ની સાથે ય કેમ ન હોય ?**
**એ દુરાચાર છે.**
સમાજ કે દેશના કાયદા અનુસાર ભલે એ ગુનો ન ગણાતો હોય,
પણ કુદરતના કાયદા અનુસાર એ ગુનો જ છે,
કુદરતના તંત્રમાં એની પણ સજા છે જ
અને મોટી સજા છે.
સદાચાર તો બ્રહ્મચર્ય જ છે.
માટે જ સુધર્માસ્વામી ભગવાન કહે છે - **सुचरितम्** ।
સુધર્માસ્વામી ભગવાન આગળ વધે છે,
બ્રહ્મચર્યનું ઓગણીશમું વિશેષણ છે - **सुभासियं** ।
પ્રભુએ 'બ્રહ્મચર્ય' દ્વારા જે જીવનપથ બતાવ્યો છે,
તે એકદમ યુક્તિસંગત, તર્કસંગત, અનુભવસંગત, લોકસંગત
અને શાસ્ત્રસંગત છે.
યુક્તિસંગત એટલા માટે
કે વિવેકીને આ પશુક્રીડા બિલકુલ ઉચિત (યુક્ત) નથી.
તર્કસંગત એટલા માટે
કે જો હિંસા ત્યાજ્ય છે તો સંસારની અગણિત હિંસાઓ
જેના માટે કરવામાં આવે છે,
એ અબ્રહ્મ તે સુતરાં ત્યાજ્ય છે,
અનુભવસંગત એટલા માટે
કે સર્વાનુભવ આ બાબતમાં સ્પષ્ટ છે કે આ 'છી' છે.

**લોકસંગત એટલા માટે**
**કે લોકોમાં ય 'બ્રહ્મ' જ સહજ પૂજનીય છે**
**અને 'અબ્રહ્મ' સહજ રીતે ઘૃણા ઉપજાવે છે.**
શાસ્ત્રસંગત એટલા માટે
કે શાસ્ત્રો એક અવાજે અબ્રહ્મને વખોડી કાઢે છે
ને બ્રહ્મચર્યનો મહિમા ગાય છે.
**सुभासियं** । યાદ આવે શીલોપદેશમાલા -
**ण वि किंचि अणुन्नायं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।**
**मुत्तुं मेहुणभावं न तं विणा रागदोसेहिं ।।**
*જિનેશ્વરોએ નથી કોઈ વસ્તુની એકાન્તે અનુજ્ઞા આપી*
*કે નથી કોઈ વસ્તુનો એકાન્તે પ્રતિષેધ કર્યો,*
*સિવાય મૈથુન,*
*કારણ કે તે રાગ-દ્વેષ વિના થતું નથી.*
સુધર્માસ્વામી ભગવાન બ્રહ્મચર્યનું વીસમું વિશેષણ કહે છે
**नवरिं मुणिवणेहिं महापुरिसधीरसूरधम्मियधितिमंताण य सया विसुद्धं ।**
*બ્રહ્મચર્યનું શુદ્ધ સ્વરૂપ ક્યાં છે ?*
*જેઓ મહાપુરુષ છે, ધીર છે, ધર્મશૂર છે, ધાર્મિક અને ધૃતિવંત છે,*
*એવા મુનિવરોમાં જ વિશુદ્ધ બ્રહ્મચર્ય છે.*
*ટૂંકમાં, વિશુદ્ધ બ્રહ્મચર્ય જિનશાસનમાં છે.*
બ્રહ્મચર્યની પ્રરૂપણા તો ઘણાએ કરી છે,
પણ નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓથી સુરક્ષિત
એવા વિશુદ્ધ બ્રહ્મચર્યની પ્રરૂપણા અને તેનું પ્રાયોગિક આચરણ,
જિનશાસન સિવાય કયાંય નહીં મળે.
અરે, ઉલ્ટુ બીજે તો બ્રહ્મચર્યવિરોધી પ્રરૂપણાઓ ય થયેલી છે,
જેમ કે -

**अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गो नैव च नैव च ।**
**तस्मात् पुत्रमुखं दृष्ट्वा, पश्चात् धर्मं चरिष्यसि ।।**

*જો તારો કોઈ પુત્ર નથી, તો તારી સદ્ગતિ નથી.*
*સ્વર્ગ તો નથી જ નથી.*
*માટે પહેલા પુત્રનું મુખ જોજે*
*પછી સંન્યાસ લેજે.*

ને એ જ દર્શને થૂંકેલું ચાટવું પડ્યું છે -

**अनेकानि सहस्राणि कुमारब्रह्मचारिणाम् ।**
**दिवं गतानि विप्राणा - मकृत्वा कुलसन्तति ।।**

*હજારો બ્રાહ્મણો લગ્ન વિના કુળની પરંપરા આગળ ચલાવ્યા વિના કુમાર-બ્રહ્મચારીરૂપે જ સંન્યાસ લઈને સ્વર્ગે ગયા છે.*

ક્યાંક તો એક જ શ્લોકમાં બે છેડાની વાત કરી છે -

**न मांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने ।**
**प्रवृत्तिरेषा भूतानां, निवृत्तिस्तु महाफला ।।**

*નથી માંસભક્ષણમાં દોષ, નથી દારૂમાં ને નથી મૈથુનમાં*
*આ તો જીવોની સહજ પ્રવૃત્તિ છે, પણ એનાથી નિવૃત્તિ લેવાય*
*તો મહાન ફળ મળે છે.*

ક્યાં બાકીની આખી ય દુનિયા !
ને ક્યાં જિનશાસન !
આવું જિનશાસન મળ્યા પછી ય આપણે વિશુદ્ધ બ્રહ્મચર્ય નહીં પાળીએ તો પછી ક્યાં ભવમાં પાળશું ?

**જિનશાસનને પામ્યા પછી**
**આપણા મનમાં એક જ પુરુષ રમવો જોઈએ,**
**પરમ પુરુષ.**
**આ ભવ રાજીમતી બનવા માટે છે.**
**આ ભવ પરમ પુરુષના નામે વાસનાનું બલિદાન આપવા માટે છે,**
**આ ભવ રહનેમિઓના બધા જ પ્રલોભનોને ઠુકરાવવા માટે છે.**
**આ ભવ ભોગના યોગ માટે ય નથી**

**ને યોગનો ભોગ લેવા માટે ય નથી**
**આ ભવ તો યોગ-સ્વરૂપ ખરા ભોગ માટે છે.**
આ ભવ **રતિસુંદરી** બનવા માટે છે
જેણે શીલરક્ષા માટે પોતાના સૌન્દર્યની તો આહૂતિ આપી જ દીધી,
છરીથી પોતાની આંખો સુદ્ધા કાપીને ઉખાડી દીધી,
આ ભવ **બુદ્ધિસુંદરી** બનવા માટે છે.
જેણે દુર્ગંધી દ્રવ્યોથી ભરેલી પોતાની જ પ્રતિમા બનાવીને
રાજાના રાગને વૈરાગ્યમાં ફેરવી દીધો ને શીલરક્ષા કરી દીધી,
આ ભવ **ઋદ્ધિસુંદરી** બનવા માટે છે,
જેણે મધદરિયે પતિ પાણીમાં ફેંકાઈ જવા છતાં ય
શીલને ઉની આંચ ન આવવા દીધી
આ ભવ **ધારિણી** બનવા માટે છે.
જેણે શીલભંગની વાત સાંભળતા જ
જીભ કચરીને પ્રાણના ભોગે ય શીલરક્ષા કરી દીધી.
આ ભવ **ગુણસુંદરી** બનવા માટે છે,
જેણે ભયાનક જંગલમાં ભીલપલ્લીમાં લંપટ પુરુષ પાસે પણ
તીવ્ર સંવેગપૂર્વક યુક્તિપૂર્વક પોતાના શીલની રક્ષા કરી.
આ ભવ **સીતા** બનવા માટે છે
જેમણે ત્રિખંડાધિપતિની પટ્ટરાણીના પદને ઠુકરાવીને
તદ્દન વિષમ સંયોગોમાં પણ શીલરક્ષા કરી.
પુરુષથી પતન થશે.
પરમપુરુષથી ઉત્થાન થશે.
આપણે જો રાજીમતી બન્યા, તો નેમ અવશ્ય મળશે.
પુરુષ કોઈ દુર્લભ વસ્તુ નથી.
અનંતકાળમાં અનંતાનંત વાર મળેલી વસ્તુ છે.
એણે ટીપાથી ય ઓછું સુખ આપ્યું છે
ને દરિયાથી ય વધુ દુઃખ આપ્યું છે,

આપણે ઈર્ષ્યાથી બળ્યા - **પુરુષને કારણે.**
શોક્ય ને ઉપપત્નીઓ પ્રત્યે ભયાનક કષાયો કર્યા - **પુરુષને કારણે.**
ગર્ભિણીપણાની ચિત્ર-વિચિત્ર અસરો ને પીડાઓ વેઠી - **પુરુષને કારણે.**
પ્રસવની અસહ્ય નરકવેદના વેઠી - **પુરુષને કારણે.**
અનંત વાર તો આપણે પ્રસવવેદનાથી જ મૃત્યુ પામ્યા - **પુરુષને કારણે.**
અનંત વાર પુત્ર-પુત્રીના મળ-મૂત્રથી આપણા હાથ ખરડાયા - **પુરુષને કારણે.**
અનંત વાર આપણા ખોળા-પલંગ-ઘર મળ-મૂત્રથી ખરડાયા - **પુરુષને કારણે.**
અનંત વાર સાધિકા બનવા મળેલ જીવન દાસી તરીકે પૂરું થયું - **પુરુષને કારણે.**
ઘોર તપને પ્રચંડ જ્ઞાન મેળવ્યા, પણ ભસ્મીભૂત થઈ ગયા - **પુરુષને કારણે.**
અસંખ્ય સમ્મૂર્ચ્છિમ જીવોની મૃત્યુપરંપરાનું આપણે ઉદ્ઘાટન કર્યું - **પુરુષના કારણે.**
કૃમિ જીવોને આપણે જીવતા સળગાવી દેવા જેવી વેદના આપી - **પુરુષના કારણે.**
બે લાખથી નવ લાખ જેવા મનુષ્યોને એક જ ઝાટકે
આપણે મોતને ઘાટ ઉતારી દીધા - **પુરુષના કારણે.**
ભયાનક રાગ-દ્વેષ કરીને આપણે સીધા નરક ભેગા થઈ ગયા - **પુરુષના કારણે.**
અનંતકાળે માંડ ઉપર આવેલો આપણો જીવ તરવાને બદલે ડુબી
ગયો ને ફરી અનંતની વાટે ચડી ગયો - પુરુષના કારણે.
શું બળ્યું છે પુરુષમાં કે આપણે એની સામે નજર સુદ્ધા કરીએ ?
આપણા ઈતિહાસને જોઈએ
તો પુરુષ માટે આપણને નફરત થઈ જાય,
આપણા અનંતાનંત દુઃખોના મૂળમાં આપણને પુરુષ દેખાય.
તીવ્ર દ્વેષ થઈ જાય પુરુષ પર.
યાદ આવે અધ્યાત્મસાર -
**भवहेतूषु तद्द्वेषात्** - જે આપણા સંસારનું કારણ
એના પરથી આપણું મન ઉતરી જ જાય,
પુરુષ એટલે આપણું આખું ય ભવિષ્ય બરબાદ.
પુરુષ એટલે આપણો વર્તમાન પણ ખલાસ.
પુરુષને સ્ત્રી માટે લાગણી છે, પ્રેમ છે,

આ બધી વાત છેતરપિંડીથી વધુ કાંઈ જ નથી.
**પુરુષની લાગણી સ્ત્રી માટે નહીં એની ચામડી માટે છે,**
**એ લબડી પડે કે ફિક્કી પડે**
**એટલે એ બીજી ચામડી ગોતતો થઈ જાય છે.**
**પુરુષની લાગણી સ્ત્રી માટે નહીં એના યૌવન માટે છે.**
**એ ઢળી પડે એટલે પુરુષ એને અવગણતો થઈ જાય છે.**
**પુરુષની લાગણી સ્ત્રી માટે નહીં, પોતાના સ્વાર્થ માટે છે,**
**એ પૂરો થઈ જાય**
**તો પુરુષને સ્ત્રી સાથે કોઈ જ નિસ્બત નથી.**
આપણે આપણા મનને ઢંઢોળીએ, હલબલાવીએ,
એને મોહની ઊંઘમાંથી સફાળું બેઠું કરીએ,
શું બળ્યું છે પુરુષમાં કે આપણે એનામાં આપણું સુખ ગોતીએ ?
શું બળ્યું છે પુરુષમાં કે
આપણે એના ખાતર પરમ પુરુષની અવગણના કરીએ ?
શું આપ્યું છે આપણને પુરુષે અનાદિ કાળમાં
કે આપણે એની છાંટા જેટલી ય લાયકાત જોઈએ ?
અરે કોઈ પુરુષને ખરેખર આપણા શરીર પર જ નહીં,
આપણી ઉપર પણ લાગણી હતી,
તો એના મોહમાં આપણે વધુ લપટાયા,
મરતા સુધી એનામાં તન્મય રહ્યા
તીવ્ર રાગથી ચીકણા કર્મ બાંધ્યા,
ને મરીને દુર્ગતિની પરંપરામાં રઝળતા થઈ ગયા.
કૂતરો રુઠે તો બટકું ભરે
ને રીઝે તો એની થૂંક ભરેલી જીભથી આપણું મોઢું ચાલે,
એના જેવી પુરુષની સ્થિતિ છે.
મોટા ભાગે સ્ત્રી માટે પુરુષ
એ બટકું ભરતો કૂતરો જ છે,

કોઈ વળી એને હૃદયથી ચાહતો હોય,
તો દેખીતી રીતે સારો લાગે.
પણ એ એના માટે અજગરથી ય વધુ ભયાનક પુરવાર થાય છે,
એ એના વૈરાગ્યની શક્યતાને અને સદ્ગતિની શક્યતાને
સમાપ્ત કરી દે છે.
સ્ત્રીના દુઃખનું કારણ પુરુષ સિવાય કોઈ જ નથી.
ભર્તૃહરી કહે છે –

**नान्यन्मनोहारि नितम्बिनीभ्यो, दुःखैकहेतुर्न हि कश्चिदन्यः ।**

*સ્ત્રીઓથી વધુ કોઈ મનોહર પણ નથી*
*ને સ્ત્રીઓ સિવાય કોઈ દુઃખનું અનન્ય કારણ પણ નથી.*

સ્ત્રીના પક્ષે આ જ વાત પુરુષના સંદર્ભમાં લાગુ પડે છે –

*પુરુષોથી વધુ કોઈ મનોહર પણ નથી*
*અને પુરુષો સિવાય કોઈ દુઃખનું અનન્ય કારણ પણ નથી.*

હકીકતમાં તો સ્ત્રી પણ દુઃખનું કારણ નથી
અને પુરુષ પણ દુઃખનું કારણ નથી.
મોહ એ જ દુઃખનું કારણ છે.
પણ કેવળજ્ઞાની સિવાય પ્રાયઃ બધા જ જીવો માટે
વિજાતીય એ મોહનું કારણ બનીને જ રહે છે,
માટે 'મોહ એ દુઃખનું કારણ છે,'
એનો નિષ્કર્ષ પણ આ જ આવશે
કે પુરુષ માટે સ્ત્રી એ દુઃખનું કારણ છે
અને સ્ત્રી માટે પુરુષ દુઃખનું કારણ છે.
પુરુષ એ દુઃખનો રસ્તો છે.
એ રસ્તો આકર્ષક લાગે તો ય દુઃખનો રસ્તો છે,
એ રસ્તો છાયાવાળો લાગે તો ય દુઃખનો રસ્તો છે,
ને એ રસ્તો ખૂબ ગમતો હોય તો ય દુઃખનો રસ્તો છે,

આપણે અમદાવાદથી ચેન્નાઈનો રસ્તો પકડીએ
એમાં જો દિલ્લી આવે
તો પુરુષના રસ્તે સુખ આવે,
પણ એ બેમાંથી એકે ય શક્ય નથી.
**તમે ચાલો, દોડો, ખૂબ દોડો**
**કે માથા પછાડી પછાડીને દોડો,**
**પુરુષના રસ્તે સુખનો છાંટો ય નથી**
**ને દુઃખના દરિયે દરિયા છે.**
પુરુષે આપણા પર અનંત વાર ત્રાસ ગુજાર્યો છે.
પરમ પુરુષે આપણા કલ્યાણ ખાતર
ઘોર પરીષહો ને ઉપસર્ગોનો ત્રાસ વેઠ્યો છે.
**પુરુષે આપણા પર અનંત વાર અત્યાચારો વરસાવ્યા છે,**
**પરમ પુરુષે આપણા પર અનંત વાર**
**અપરંપાર કરુણા વરસાવી છે.**
પુરુષે આપણને અનંત વાર
ધક્કો મારીને દુર્ગતિના કૂવામાં પાડી દીધા છે.
પરમ પુરુષે આપણને ઉગારવા માટે
અનંત વાર એમની વાણીનું દોરડું મોકલ્યું છે.
પુરુષે આપણને અનંતવાર ભયંકર અશાતા વેદનીય કર્મ બંધાવ્યું છે,
પરમ પરુષે આપણને અવ્યાબાધ સુખમય
પરમાનંદપદ આપવા માટે અનંત વાર પ્રયાસો કર્યા છે.
**પુરુષને પનારે પડવાથી**
**આપણે બધી જ રીતે બેહાલ થઈ જવાના.**
**પરમ પુરુષને સમર્પિત થયા**
**તો આપણો આત્મા ન્યાલ થઈ જવાનો.**
પુરુષ
એટલે મોહરાજાએ આપણા માટે છોડેલ કાતિલ શસ્ત્ર.

શસ્ત્ર એક મૃત્યુને નોતરે છે
મોહ-શસ્ત્ર અનંત મૃત્યુને નોતરે છે
**આપણે શીલનું બખ્તર પહેરીને બચી જવું ?**
**કે પછી**
**અનંત ભવોમાં કરી**
**એ જ મૂર્ખામીનું પુનરાવર્તન કરીને**
**આવનારા અનંત ભવોને દુઃખમય કરી દેવા ?**
**એ આપણે નક્કી કરવાનું છે.**
એ ભ્રમણા છે
કે નેમિનાથ ભગવાને પૂર્વના આઠ ભવમાં
રાજીમતી સાથે સંબંધ બાંધ્યો.
ને અંતિમ ભવમાં એ સંબંધ છોડ્યો.
વાસ્તવિકતા તો એ છે,
કે નેમિનાથે ખરો સંબધ તો અંતિમ ભવમાં બાંધ્યો
ને નિભાવ્યો.
ખરી પ્રીત અંતિમ ભવમાં થઈ,
ખરા વિવાહ અંતિમ ભવમાં થયા
ને ખરું મિલન પણ અંતિમ ભવમાં થયું.
ખરું મિલન... સુખદ મિલન... પરમાનંદમય મિલન...
પવિત્ર મિલન... પરમ પવિત્ર મિલન.... શાશ્વત મિલન...
યાદ આવે મીરાબાઈ -

**પ્રીતમ તો એક પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,**
**રંડાવાનો ભય વાર્યો, મોહન પ્યારા...**

નેમિનાથજીનો રથ પાછો ફર્યો, ત્યારે
રાજીમતી રડી હતી, ઝુરી હતી, બેભાન થઈ ગઈ હતી,
એને આઘાત લાગ્યો હતો, વજ્રાઘાત લાગ્યો હતો,
એવું આપણને લાગે છે,

હકીકતમાં એ ત્રાસ ન'તો, એ અત્યાચાર પણ ન'તો.
એ હતું મોહની ગાંઠનું ઓપરેશન.
એ હતો ચિકિત્સાનો એક ભાગ,
પીડા હતી, પણ હકીકતમાં પીડા ન હતી
સારવાર હતી.
રાજીમતી માટે નેમિનાથ
એ સારવાર પહેલા પુરુષ હતા
સારવાર પછી એ પરમ પુરુષ બની ગયા.
સવિષ પ્રીત નિર્વિષ પ્રીતમાં પરિણમી.
જે અનંત ભવભ્રમણનું કારણ બનત
એણે ભવભ્રમણ પર પૂર્ણવિરામ લાવી દીધું.
આ જીવનનો ઉદ્દેશ્ય આ જ છે
**પુરુષથી નીકળી જવું**
**અને પરમ પુરુષમાં ઠરી જવું.**
**દુઃખથી નીકળવાનો**
**અને સુખી થઈ જવાનો અર્થ**
**આની સિવાય બીજો કોઈ જ નથી.**
ચાલો,
આ ભવમાં આનો જ પ્રયાસ કરીએ
I promise you
**રાજુલને નેમ મળી જાશે.**
Definately.
ખુદ નેમનાથ ભગવાન આપણને પ્રોમિસ આપે છે,
‘‘તમે પુરુષને છોડી દો,
મન-વચન-કાયા બધામાંથી છોડી દો,
હું તમને ૧૦૦% મળીશ.
હું તમને સુખના મહાસાગરમાં ઝુમતા કરી દઈશ,

**હું તમારા સેંથામાં પરમ બ્રહ્મનું સિંદૂર પૂરીશ,**
**હું તમારી સાથે સાદિ અનંત છેડા છેડી બાંધીશ**
**હું તમને અખંડ સૌભાગ્ય આપીશ.**
**હું તમને અક્ષત અવિયોગ આપીશ.**
હું તમારી સાથે આત્માના પ્રદેશે પ્રદેશનો આત્મમેળાપ કરીશ.
દુનિયાના બધા પુરુષ ભેગા થઈને ય
તમને જે આપી શકે તેમ નથી.
તે આપવા માટે હું સમર્થ છું, સજ્જ છું.
**તમે તમારું બધું જ છોડીને આવો**
**હું તમને મારું બધું જ આપી દેવા તૈયાર છું.''**
શીલનું પાનેતર
ચારિત્રની ચોરી
મહાનંદનો મંડપ
તપનો અગ્નિ
સંયમના મંત્રાક્ષરો
હજાર હાથના ધણીનો હસ્તમેળાપ
ને પરમ પુરુષની વરમાળા
આથી વધુ શું જોઈએ ?
આથી વધુ હોઈ પણ શું શકે ?
આજથી
**આપણા શબ્દકોષમાંથી પુરુષ શબ્દની બાદબાકી.**
**આજથી આપણા શબ્દકોષના પાને પાને**
**દરેક પાને, દરેક પંક્તિએ... એક જ શબ્દ –**
**પરમ પુરુષ.**
**બસ, હવે**
**રાજુલને નેમ મળી જાશે...**

* * * * *

રાજગૃહીના ઉપનગરનો એ ઉપાશ્રય...
એનો પ્રત્યેક પરમાણુ
જાણે પરમ બ્રહ્મના વચનામૃતની પરબ બન્યો છે,
સુધર્માસ્વામી ભગવાનની આખી ય ઓરામાંથી
જાણે 'બ્રહ્મ'ના ફુવારા છૂટી રહ્યા છે
ને જંબૂસ્વામી આર-પાર ભીંજાઈ રહ્યા છે.

* * * * *

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય
તો મિચ્છામિ દુક્કડમ્
મહા વદ ૧૩, વિ. ૨૦૭૬, શ્રી જૈનનગર જૈન સંઘ, અમદાવાદ

✺

**⭑ બ્રહ્મ-પાથેય ⭑**

| | |
|---|---|
| બ્રહ્મચર્ય સમાધિ<br>કામસુભટ ગયો હારી | } વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવશ્રી<br>હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા |
| બ્રહ્મોપનિષદ્ | આ છે સંસાર |
| બ્રહ્મ *Easy* | ભર્તૃહરિ નિર્વેદ |
| ઓર ન ચાહું રે કંત | સત્ત્વોપનિષદ્ |